
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૬



## વર્તમાન ચોવીસીના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના પૂર્વભવ

૧૦ સિંહ (આ ભવમાં નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિ)
૯ સિંહકેતુ દેવ
૮ કનકોજ્જ્વલ નામક વિદ્યાધર
૭ સપ્તમ સ્વર્ગમાં દેવ
૬ હરિષેણ નામક રાજપુત્ર
૫ મહાશુક્ર સ્વર્ગમાં દેવ
૪ પ્રિયમિત્ર નામના રાજપુત્ર
૩ સહસ્રાર સ્વર્ગમાં દેવ
૨ નંદન નામક સજ્જન પુત્ર
૧ અચ્યુત સ્વર્ગમાં અહમિન્દ્ર

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જ્યાં આત્મભાવ (ભવ્યજીવોને) મોક્ષ આપે છે, ત્યાં સ્વર્ગ કેટલું દૂર છે? (કંઈ દૂર નથી અર્થાત્ નજીક જ છે.) જે (મનુષ્ય) ભારને બે કોશ સુધી જલદી લઈ જાય છે, તે (મનુષ્ય) તે ભારને અર્ધો કોશ લઈ જતાં શું થાકી જશે—ખિન્ન થશે? (ના, ખિન્ન થશે નહિ.) ૧૫૮૦. (શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૮)

● સર્વ અશુચિના મળરૂપ શરીરને આ જીવ જ્યારે પૂજ્યપદને પ્રાપ્ત કરાવે છે ત્યારે શરીર આત્માને ચંડાળાદિ નીચ કુળમાં જન્મ કરાવી અસ્પૃશ્ય કરે છે. ધિક્કાર છે એ કૃતઘ્ન શરીરને! ૧૫૮૧ (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૯)

● જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રાખ માટે અતિ મૂલ્યવાન ચંદનને બાળી નાંખે તેમ અજ્ઞાની જીવ વિષયોના લોભથી મનુષ્યભવને નષ્ટ કરે છે.

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રત્નદ્વીપમાં જઈને પણ ત્યાંના રત્નોને છોડીને લાકડાનો ભાર લઈ આવે તેમ મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મરત્નોને છોડીને ભોગોની અભિલાષા કરે છે.

જેમ નંદનવનમાં જઈને પણ કોઈ મૂર્ખ મનુષ્ય અમૃતને છોડીને વિષ પીવે, તેમ મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મ-અમૃતને છોડીને ભોગવીને અભિલાષારૂપ ઝેર પીવે છે. ૧૫૮૨.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૮૨૮-૨૯-૩૦)

● પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે. આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી, માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી. તેથી (આવું જાણતાં) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય? તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે. ૧૫૮૩. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, શ્લોક-૧૫૯)

● હે ત્રિલોકીનાથ! જો આપની આરાધનાથી નિશ્ચયથી મારી દૃઢ સ્થિતિ થઈ ગઈ છે તો પછી મને અતિશય બળવાન સંસારરૂપ શત્રુથી પણ ભય કેમ હોય? અર્થાત્ ન હોય, ઠીક છે—અમૃતવર્ષાથી હર્ષ ઉત્પન્ન કરનાર એવા ઉત્તમ ફુવારાયુક્ત ગૃહને પ્રાપ્ત થયેલ પુરુષને શું ગ્રીષ્મઋતુમાં મધ્યકાલીન સૂર્યનો અત્યંત તીક્ષ્ણ સંતાપ પણ શું દુઃખી કરી શકે?—ન કરી શકે. ૧૫૮૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, આલોચના અધિકાર, શ્લોક—૩)

વર્ષ–૧૧
અંક–૩




વિ. સંવત
૨૦૭૨
November
A.D. 2016

# ભગવાન મહાવીર

દીપાવલી.... મંગલ દીપાવલી. આસો વદ અમાસનું પરોઢિયું.

આખુંય ભારત આજે અનેરા આનંદથી આ દીપોત્સવ ઊજવી રહ્યું છે. શેનો છે આ મંગલ દીપોત્સવ ?

પાવાપુરીનું પવિત્રધામ હજારો દીપકોના ઝગમગાટથી આજે અનેરું શોભી રહ્યું છે. વીરપ્રભુના ચરણસમીપે બેસીને ભારતના હજારો ભક્તજનો વીરપ્રભુના મોક્ષગમનનું સ્મરણ કરી રહ્યા છે ને તે પવિત્રપદની ભાવના ભાવી રહ્યા છે. અહા, ભગવાન મહાવીર આજે સંસારબંધનથી છૂટીને અભૂતપૂર્વ સિદ્ધપદને પામ્યા, અત્યારે તેઓ સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. પાવાપુરીના જલમંદિરની ઉપર ઠેઠ ઉપર લોકાગ્રે પ્રભુ સિદ્ધપદમાં બિરાજી રહ્યા છે.


કેવું છે એ સિદ્ધપદ ? સંતોના હૃદયમાં કોતરાઈ ગયેલા એ સિદ્ધપદનું વર્ણન કરતાં શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે :—

કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,
જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે.
અનુપમ, અતીન્દ્રિય, પુણ્ય-પાપવિમુક્ત અવ્યાબાધ છે,
પુનરાગમનવિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ નિત્ય છે.

માત્ર સિદ્ધદશામાં જ નહિ પરંતુ ત્યાર પહેલાં સંસાર અવસ્થા વખતેય જીવોમાં આવો સ્વભાવ છે—તે દર્શાવતાં કહે છે કે— મહાવીર પ્રભુ આજના દિવસે આવું મહિમાવંત સિદ્ધપદ પામ્યા. એ મહાવીર કેવા હતા... ને કેવી રીતે આવું મજાનું સિદ્ધપદ પામ્યા ? કે જેના આનંદનો ઉત્સવ હજારો દીવડાવડે આખું ભારત આજે પણ ઊજવે ?

ઋષભદેવની સભામાં એકવાર ભરતે પૂછ્યું કે પ્રભો ! આ સભામાંથી કોઈ જીવ આપના જેવો તીર્થંકર થશે ? ત્યારે ભગવાને કહ્યું કે : હા, આ તારો પુત્ર મરીચીકુમાર આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર (મહાવીર) થશે. પ્રભુની વાણીમાં પોતાના તીર્થંકરત્વની વાત સાંભળતાં મરીચીને ઘણું આત્મગૌરવ થયું. તો પણ હજી તે ધર્મ પામ્યો ન હતો. અરે, તીર્થંકરદેવની દિવ્યધ્વનિ સાંભળીને પણ એણે સમ્યકધર્મનું ગ્રહણ ન કર્યું. આત્મભાન વગર સંસારના કેટલાય ભવોમાં તે જીવ રખડ્યો. એ મહાવીરનો જીવ, મરીચીનો અવતાર પૂરો કરીને બ્રહ્મસ્વર્ગનો દેવ થયો. ત્યારબાદ મનુષ્ય અને દેવના કેટલાક ભવો કર્યા તેમાં મિથ્યામાર્ગનું સેવન ચાલુ રાખ્યું.

મહાકષ્ટે અસંખ્યાત વર્ષની એ ઘોર નરક તિર્યંચ યાતનાનો ભોગવટો પૂર્ણ કરીને તે જીવ ગંગા નદીકિનારે સિંહગિરિ પર સિંહ થયો....પાછો ધગધગતા અગ્નિ જેવી પહેલી નરકે ગયો....ને ત્યાંથી નીકળીને જંબૂદ્વીપના હિમવન્ પર્વત ઉપર દૈદીપ્યમાન સિંહ થયો...મહાવીરનો જીવ આ સિંહપર્યાયમાં આત્મલાભ પામ્યો. કઈ રીતે પામ્યો ? તે પ્રસંગ જોઈએ :




એકવાર તે સિંહ ક્રૂરપણે હરણને ફાડીને ખાતો હતો ત્યાં આકાશમાર્ગે જઈ રહેલા બે મુનિઓએ તેને દેખ્યો, ને 'આ જીવ હોનહાર અંતિમ તીર્થંકર છે' એવા વિદેહના તીર્થંકરના વચનનું સ્મરણ કરીને, દયાવશ આકાશમાર્ગેથી નીચે ઊતરીને તે સિંહને ધર્મનું સંબોધન કર્યું : હે ભવ્ય મૃગરાજ ! આ પહેલાં ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તેં ઘણા વાંછિત વિષયો ભોગવ્યા ને નરકના અનેક પ્રકારના ઘોર દુઃખો પણ અશરણપણે આક્રંદ કરી કરીને તેં ભોગવ્યા, ત્યારે દશે દિશામાં શરણ માટે તેં પોકાર કર્યો પણ ક્યાંય તને શરણ ન મળ્યું. અરે ! હજી પણ ક્રૂરતાપૂર્વક તું પાપનું ઉપાર્જન કરી રહ્યો છે ? તારા ઘોર અજ્ઞાનને લીધે હજી સુધી તેં તત્ત્વને ન જાણ્યું. માટે શાંત થા...ને આ દુષ્ટ પરિણામ છોડ. મુનિરાજના મધુર વચનો સાંભળતાં જ સિંહને પૂર્વભવોનું જ્ઞાન થયું, અશ્રુધારા ટપકવા લાગી....પરિણામ વિશુદ્ધ થયા...ત્યારે મુનિરાજે જોયું કે આ સિંહના પરિણામ શાંત થયા છે ને તે મારા તરફ આતુરતાથી દેખી રહ્યો છે, તેથી અત્યારે જરૂર તે સમ્યક્ત્વ ગ્રહણ કરશે.

—એમ વિચારી મુનિરાજે તેને પુરુરવા ભીલથી માંડીને તેના અનેક ભવો બતાવીને કહ્યું કે હે શાર્દૂલ ! હવેના દસમા ભવે તું ભરતક્ષેત્રનો તીર્થંકર થશે, એમ

શ્રીધરતીર્થંકરના શ્રીમુખથી અમે સાંભળ્યું છે. માટે હે ભવ્ય ! તું મિથ્યામાર્ગથી નિવૃત્ત થા અને આત્મહિતકારી એવા સમ્યક્માર્ગમાં પ્રવૃત્ત થા.



મહાવીરનો જીવ (સિંહ) મુનિરાજના વચનથી તરત પ્રતિબોધ પામ્યો, તેણે અત્યંત ભક્તિથી વારંવાર મુનિઓને પ્રદક્ષિણા દીધી ને તેમના ચરણોમાં નમ્રીભૂત થયો. રૌદ્રરસને બદલે તુરત જ શાંતરસ પ્રગટ કર્યો ને તે સમ્યક્ત્વ પામ્યો...એટલું જ નહિ, તેણે નિરાહારવ્રત અંગીકાર કર્યું. અહા ! સિંહની શૂરવીરતા સફળ થઈ.

ત્યાંથી ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં કનકોજ્વલ નામનો રાજપુત્ર થયો, હવે ધર્મ દ્વારા તે જીવ મોક્ષની નજીક પહોંચી રહ્યો હતો. ત્યાં વૈરાગ્યથી સંયમ લઈ સાતમા સ્વર્ગે ગયો. ત્યાંથી સાકેતપુરી (અયોધ્યા)માં હરિસેન રાજા થયો ને પછી સંયમી થઈને સ્વર્ગમાં ગયો. ત્યાંથી ધાતકીખંડમાં પૂર્વવિદેહની પુંડરીકિણીનગરીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી રાજા થયો, ક્ષેમંકર તીર્થંકર સમીપ દીક્ષા લીધી ને સહસ્રાર સ્વર્ગમાં સૂર્યપ્રભદેવ થયો. ત્યાંથી જંબૂદ્વીપના છત્રપુરનગરમાં નંદરાજા થયો, ને દીક્ષા લઈ, ઉત્તમ સંયમ પાળી, ૧૧ અંગનું જ્ઞાન પ્રાપ્ત કરી, દર્શનશુદ્ધિ વગેરે ૧૬ ભાવના વડે તીર્થંકરનામકર્મ બાંધ્યું ને સંસારનો છેદ કર્યો, ઉત્તમ આરાધના સહિત અચ્યુતસ્વર્ગમાં પુષ્પોત્તરવિમાનમાં ઈન્દ્ર થયો. ત્યાંથી ચવીને મહાવીરનો એ મહાન આત્મા, ભરતક્ષેત્રમાં વૈશાલીના કુંડલપુરના મહારાજા સિદ્ધાર્થને ત્યાં અંતિમ તીર્થંકરપણે અવતર્યો...



ત્રીસ વર્ષના કુમારકાળમાં જાતિસ્મરણ થયું ને સંસારથી વિરક્ત થઈ દીક્ષિત થયા. કૌશામ્બી નગરીમાં બંધનગ્રસ્ત સતી ચન્દનબાળાને એ પાંચ મંગલનામધારી પ્રભુના દર્શન થતાં જ એની બેડીના બંધન તૂટી ગયા, ને પરમ ભક્તિથી તેણે પ્રભુને આહારદાન કર્યું. સાડાબાર વર્ષ મુનિદશામાં રહીને, વૈશાખ સુદ દસમના રોજ ક્ષપકશ્રેણી માંડીને પ્રભુએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. એ અર્હંત ભગવાન રાજગૃહીના વિપુલાચલ પર પધાર્યા. ૬૬ દિવસ બાદ, અષાઢ વદ એકમથી દિવ્યધ્વનિ દ્વારા ધર્મામૃતની વર્ષા શરૂ થઈ તે ઝીલીને ઈન્દ્રભૂતિ–ગૌતમ વગેરે અનેક જીવો પ્રતિબોધ પામ્યા. વીરનાથની ધર્મસભામાં ૭૦૦ તો કેવળીભગવંતો હતા. કૂલ



૧૪૦૦૦ મુનિવરો ને ૩૬૦૦૦ અર્જિકાઓ હતા. એક લાખ શ્રાવકો ને ત્રણ લાખ શ્રાવિકાઓ હતા. અસંખ્ય દેવો ને સંખ્યાતા તિર્યંચો હતા. ત્રીસ વર્ષ સુધી લાખો કરોડો જીવોને પ્રતિબોધીને વીરપ્રભુજી પાવાપુરી નગરીમાં પધાર્યા, ત્યાંના ઉદ્યાનમાં યોગનિરોધ કરીને બિરાજમાન થયા, ને આસો વદ અમાસના પરોઢિયે પરમ સિદ્ધપદને પામી સિદ્ધાલયમાં જઈ બિરાજ્યા...તે સિદ્ધપ્રભુને નમસ્કાર હો.

જય મહાવીર.







આ નૂતન વર્ષના મંગલ પ્રારંભે સૌથી પહેલા પંચપરમેષ્ઠી ભગવંતોને, રત્નત્રયને આત્મસાધક સંતોને અને જિનવાણી-માતાને પરમ ભક્તિપૂર્વક વંદના કરીએ છીએ.

હે ગુરુદેવ !



ઊંડા ઊંડા અંતરમંથનથી આપની મુદ્રા ઉપર અધ્યાત્મ-ચિંતનની કોઈ અનેરી ખુમારી દેખાઈ રહી હતી. આત્મિક સ્વાધ્યાય-મનનથી રસબોળ આપનું જીવન હતું. સ્વપ્નમાં પણ મીઠા મધુર અદ્ભુત ને આશ્ચર્યકારી જિનબંબ દેખીને આપ પરમ પ્રસન્નતા અનુભવી રહ્યા હતા. અમારા જેવા આત્માર્થી જીવોને આપ સદાય આત્મબોધ આપીને કલ્યાણ અર્થે દોરી રહ્યા છો. નૂતન વર્ષના મંગલ પ્રભાતે પરમ ભક્તિપૂર્વક આપશ્રીને અભિવંદન કરીએ છીએ.

નૂતન વર્ષના નવલા પ્રભાતે આપના મંગળ આશીષ ઝીલીને આત્મહિતના અપૂર્વ કાર્યને આનંદથી સાધીએ. —જય જિનેન્દ્ર




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૪
(ગાથા ૧૩)

આત્મામાં દર્શનગુણ ત્રિકાળ એકરૂપ છે અને તેની દર્શનવ્યાપારરૂપ પરિણતિ તે ધ્રુવ અક્રિય છે; આવા સ્વરૂપે આત્માને માનવો—તેનું લક્ષ કરવું તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું લક્ષ પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ છે; ચારિત્રની નિર્મળ વીતરાગી ક્રિયા તે પણ સમ્યગ્દર્શનનું લક્ષ નથી.

આ વસ્તુ સમજ્યા વિના જન્મ-મરણ ટળે નહીં. જેમ ચીભડાંનો વેલો સૂકવવો હોય ત્યાં જો ઉપરથી ચીભડાં અને પાંદડાં તોડ્યા કરે તો વેલો સૂકાય નહિ, કેમ કે મૂળિયું સાજું છે; જ્યાં સુધી વેલાનું મૂળિયું ગોતીને તોડે નહીં ત્યાંસુધી ચીભડાં ફાલ્યાં જ કરે છે, પાંદડાં તોડે તો ફરી નવાં ઊગી જાય, જો વેલો સૂકવવો હોય તો મૂળિયું તોડવું જોઈએ; તેમ અનંતકાળના જન્મ-મરણરૂપી વિષવૃક્ષનું મૂળ શું છે તે જાણીને તેને છેદ્યા વિના જન્મ-મરણ અટકે નહીં. જન્મ-મરણ ટાળવા માટે તો જન્મ-મરણનું મૂળિયું જે મિથ્યાદર્શન તેને આત્માની સાચી ઓળખાણ દ્વારા પ્રથમ ટાળવું જોઈએ, એ ટાળ્યા વિના જન્મ-મરણ ટળે નહીં. મિથ્યાશ્રદ્ધા એ જ સંસારનું મૂળ છે અને સમ્યક્શ્રદ્ધા તે કેવળજ્ઞાનનું મૂળ છે, તથા તે સમ્યક્શ્રદ્ધાનું મૂળ અખંડ દ્રવ્ય છે. અખંડ દ્રવ્ય ઉપર જોર કરતાં સમ્યગ્દર્શન પ્રગટી જાય છે. તે સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નથી અને વીતરાગદશા પણ નથી, કેમકે તેમાં પરની અપેક્ષા આવે છે. પરાશ્રિત બધો વ્યવહાર છે અને વ્યવહારને આશ્રિત જીવો મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચયને આશ્રિત સમ્યગ્દૃષ્ટિ હોય છે. શ્રી સમયસારજીમાં કહ્યું છે કે :—

ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो॥११॥

અર્થ :—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ

> **જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,**
> **નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩. —શ્રી સમયસાર**

દર્શાવ્યુ છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ એકરૂપ નિરપેક્ષ ધ્રુવ વસ્તુ છે. આ રીતે કારણસ્વભાવદર્શનની વ્યાખ્યા પૂરી થઈ.

## વ્યાખ્યાન નં. ૧૫

તા. ૪-૫-૪૪ ગુરુ.

ગાથા ૧૩ ચાલુ. (પાનું ૨૪ લીટી ૪)

કારણસ્વભાવદર્શનની વ્યાખ્યા થઈ ગઈ—તેમાં કહ્યું કે આત્માનો દર્શન નામનો ત્રિકાળી ગુણ, તેનો વર્તમાન વ્યાપાર તે પણ ધ્રુવ છે. આત્માની દૃષ્ટાશક્તિ (દર્શનગુણ) છે તેનો વર્તમાન ઉપયોગરૂપ વ્યાપાર તે પણ ધ્રુવરૂપ છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેના ગુણો પણ ત્રિકાળ છે, અને ગુણની અવસ્થા પણ ધ્રુવરૂપ ત્રિકાળ છે. પારિણામિકભાવની અને ગુણની અવસ્થા પણ ધ્રુવ છે. દર્શનનામનો ત્રિકાળ ગુણ, તેની વર્તમાન પરિણતિ પણ ધ્રુવ છે.

આત્મા વસ્તુ છે; વસ્તુ ગુણો તથા ગુણની અવસ્થા (વ્યાપાર) એ ત્રિકાળ ધ્રુવ છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન કે કેવળદર્શન એ તો અપેક્ષિત પર્યાય છે, તેને અહીં નથી લીધી; પણ એકેક ગુણની એકેક ત્રિકાળી ધ્રુવ પર્યાય છે, તેમાં દર્શનગુણની ત્રિકાળી પર્યાયને અહીં કારણ સ્વભાવદૃષ્ટિ કહી છે; એ બધું વિસ્તારથી કહેવાઈ ગયું છે.

બીજી કાર્યસ્વભાવદૃષ્ટિ છે. દર્શનગુણ ત્રિકાળ પડ્યો છે તેની ધ્રુવ અવસ્થા પણ ત્રિકાળ પડી છે, તેના જોરે જે કેવળદર્શન પ્રગટ થાય તેને કાર્યસ્વભાવદૃષ્ટિ કહી છે. અહીં તો વસ્તુ ત્રિકાળ એકરૂપ, તેનો દર્શનગુણ તે ત્રિકાળ, તેની ધ્રુવપર્યાય તે પણ ત્રિકાળ અને તેનો કારણઉપયોગ તે પણ ત્રિકાળ ધ્રુવ છે; અને કાર્યરૂપ કેવળદર્શન છે તેને કાર્યસ્વભાવદૃષ્ટિ કહી છે.

અંદર ધ્રુવશક્તિ છે તેમાંથી કાર્ય પ્રગટ્યું છે. આત્મામાં દર્શનગુણ ત્રિકાળ નિર્મળ પડ્યો છે તેની શ્રદ્ધા પણ ત્રિકાળ પડી છે. શ્રદ્ધાનો ધ્રુવરૂપ ભાવ ત્રિકાળ છે. સમ્યક્‌શ્રદ્ધા તે ઊણું કાર્ય છે અને કેવળદર્શન તે પૂર્ણ કાર્ય છે, તે કાર્યનું કારણ અંદર ત્રિકાળ એકરૂપ કારણસ્વભાવદૃષ્ટિ છે, તે છે. અંદર પૂર્ણ કારણ છે તેમાં એકાગ્રતાની ક્રિયા કરતાં

**સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,**
**સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪. —શ્રી સમયસાર**

કેવળદર્શન પ્રગટે છે તે કાર્ય છે. કેવળદર્શન એક સમયની અપેક્ષિત અવસ્થા છે તેથી તેને કાર્ય કહ્યું છે.

કાર્યસ્વભાવદૃષ્ટિ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મોના નાશથી પ્રગટે છે. જ્ઞાનાવરણીય કર્મ ખરેખર જ્ઞાનગુણને કે જ્ઞાનગુણની અવસ્થાને રોકતું નથી, પણ પુરુષાર્થની નબળાઈને કારણે જ્યારે જ્ઞાનનું હીણું પરિણમન હોય ત્યારે સામે નિમિત્ત તરીકે જ્ઞાનાવરણીય કર્મ હાજર હોય છે.

અંદર પૂર્ણ ધ્રુવરૂપ કારણસ્વભાવ છે તે ઉપર દૃષ્ટિ જતાં કાર્યરૂપ કેવળદર્શન પ્રગટે છે; અહીં કેવળદર્શન પ્રગટવાનું કારણ અંતરંગ વસ્તુ જ કહી છે. બહારનાં પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રત કે તપ એ કોઈથી આત્મધર્મની પર્યાય ઊઘડતી નથી; કાર્યનો સંબંધ કારણ સાથે છે, બહારમાં પર સાથે કે કોઈ વિકલ્પ સાથે નથી.

શ્રી તીર્થંકર ભગવાનને જે કેવળદર્શન અવસ્થા પ્રગટી તે કેવળદર્શન કેવું છે? જેમ કેવળજ્ઞાન એક સમયમાં લોકાલોકને વિશેષપણે જાણે છે તેમ, કેવળદર્શન એક સમયમાં લોકાલોકને સામાન્યપણે દેખે છે; પ્રથમ બાહ્યલક્ષથી જે કર્મનો સંયોગ હતો તે અંતરલક્ષ થતાં બહારમાં કર્મોનો નાશ થઈ ગયો.

અહીં શ્રદ્ધા અને દર્શન એક લીધાં છે. દર્શનઉપયોગ ત્રિકાળ છે, અને શ્રદ્ધા પણ ત્રિકાળ છે. શ્રદ્ધા ગુણ ત્રિકાળ છે, તેની પર્યાયનો વિષય દર્શન નામનો ગુણ ત્રિકાળ એકરૂપ છે, કારણસ્વભાવશ્રદ્ધા તે ત્રિકાળ એકરૂપ છે.

આ વાત અપરિચયને કારણે નવી લાગે, પણ આત્માની પોતાની જ વાત છે, અંદર આત્મતત્ત્વ બિરાજે છે તેની આ વાત છે; આત્માનો ધર્મ બહારથી પ્રગટે નહીં, પણ અંતરસ્વભાવની શ્રદ્ધાના જોરે પ્રગટે છે.

અંદરમાં જે જ્ઞાનદર્શનરૂપ ભગવાન આત્મા ત્રિકાળ પડ્યો છે તેમાં એકાગ્ર થતાં જે શુદ્ધ પર્યાય પ્રગટે તેને કાર્યસ્વભાવદૃષ્ટિ કહી છે.

આત્માનું સ્વરૂપ ગુણ-પર્યાયથી અભેદપણે છે. ગુણી અને ગુણમાં ભેદ નથી, પણ જ્ઞાનગુણ જાણવાની વિશેષ તાકાતવાળો છે તેથી તેને કેવળજ્ઞાનની ઉપમા આપી છે.

કેવા છે પરમ તીર્થંકરદેવ અર્થાત્ કાર્યપરમાત્મા? આવરણરૂપ ઘાતિયાં કર્મોનો નાશ કરીને પૂર્ણ નિર્મળદશા જેણે પ્રગટ કરી છે; સંપૂર્ણ કર્મોના નાશથી સંપૂર્ણ નિર્મળ

**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫. —શ્રી સમયસાર**

કેવળજ્ઞાન પર્યાયની પ્રાપ્તિ છે, એ કેવળજ્ઞાનદ્વારા એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જાણનારા છે, તેમાં અનંત જીવો તેના ગુણ-પર્યાય સહિત આવી જાય છે, અને પોતાનો આત્મા પણ તેમાં આવી જાય છે. અંદર કાર્યરૂપ પર્યાય સાથે ગુણો અભેદ છે એમ જ્ઞાન બતાવે છે. પોતાના આત્મામાંથી જ ઉત્પન્ન પરમ વીતરાગરૂપ—રાગ વિનાનું નિરાકુળ સુખ-અમૃત તેનો તે સાગર છે, અર્થાત્ કેવળી ભગવાનને સુખરૂપી અમૃતનો અનંત આનંદ પ્રગટ્યો છે. પ્રથમ પરમાં રાગથી સુખ માન્યું હતું તે માન્યતા ટળી એટલે આત્માનું રાગરહિત નિરાકુળ સુખ પ્રગટ્યું. વળી કેવળી ભગવાન યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રના ધરનાર છે. અહીં દર્શનશક્તિના ઉઘાડ સાથે બીજા અનંત ગુણો અભેદ છે તે પણ ઊઘડી જાય છે, એ બતાવ્યું છે. કેવળી ભગવાન ત્રણ લોકના ભવ્યજીવોથી પ્રત્યક્ષ વંદનીય છે.

સદ્‌ભુતવ્યવહારનયે નિર્મળ અવસ્થા પ્રગટી છે, નિશ્ચયથી તો દ્રવ્ય ત્રણેકાળ એકરૂપ શુદ્ધ જ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે પર્યાય છે, પર્યાયનો ભેદ પાડ્યો માટે વ્યવહાર અને તે પર્યાય શુદ્ધ હોવાથી સદ્‌ભુતવ્યવહાર કહ્યો છે, અને ત્રિકાળી સ્વભાવ તે નિશ્ચય છે. કેવળજ્ઞાન પણ એક સમય પૂરતી અવસ્થા છે. કેવળજ્ઞાનની પણ બે સમયની પર્યાય ભેગી થતી નથી, એક પર્યાય વ્યય થાય ત્યારે બીજી પ્રગટ થાય. અપેક્ષિત પર્યાય એક સમયે એક જ હોય; અને નિરપેક્ષ દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ છે.

આદિ સહિત અને અંત રહિત એવો અતીન્દ્રિય અમૂર્તિક સ્વભાવ પ્રગટ્યો એમ કહેવું તે શુદ્ધસદ્‌ભુતવ્યવહારનય છે. કેવળજ્ઞાન નહોતું અને પ્રગટ્યું માટે આદિ સહિત છે, અને અનંતકાળ એવું ને એવું નિર્મળપણે ટકી રહેશે માટે અંતરહિત છે. કેવળજ્ઞાન નહોતું અને પ્રગટ્યું એવા ભેદ પડ્યા માટે વ્યવહાર છે અને આત્માની પોતાની પર્યાય છે માટે સદ્‌ભુતવ્યવહાર છે કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રગટ્યું છે તે પણ વ્યવહાર છે, દ્રવ્ય તો અંદર ત્રિકાળ એકરૂપ પડ્યું જ છે તે નિશ્ચય છે. કિંમતી તો નિશ્ચય જ છે, નિશ્ચયના જોરે વ્યવહાર સહેજે આવી જાય છે. જ્યાં કેવળજ્ઞાન વગેરેને સદ્‌ભુતવ્યવહાર કહ્યો, ત્યાં મોક્ષમાર્ગ કે યથાખ્યાત ચારિત્ર તો ક્યાંય રહ્યાં, અને રાગનો વિકલ્પ ઊઠે તે તો બહુ દૂર રહ્યો અને નિમિત્તથી—પરથી લાભ થાય એ તો ક્યાંય ને ક્યાંય ગયું. આહા! શું વસ્તુ છે? આ વસ્તુ મૂકીને જાવું ક્યાં? ક્યાં જાવું? અંદર જ સમાઈ જાવું. અંદર ત્રિકાળી વસ્તુ એ જ નિશ્ચય છે. પૂજા ભક્તિ તો શુભરાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ

**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬. —શ્રી સમયસાર**

બહારનાં નિમિત્તો છે, અને મોક્ષમાર્ગ કે મોક્ષ તે પણ એક સમય પૂરતી પર્યાય છે, વ્યવહાર છે, અંદર ત્રિકાળી વસ્તુ એ જ નિશ્ચય છે. આ માર્ગને સમજ્યા વગર મોક્ષની પ્રાપ્તિ બીજા માર્ગે થઈ શકતી નથી.

મોક્ષપર્યાયને વ્યવહાર કહ્યો, પરંતુ તેથી મોક્ષપર્યાયનો અભાવ નથી. મોક્ષપર્યાય છે ખરી પણ દ્રવ્યદૃષ્ટિમાં તેનું લક્ષ નથી. જો પર્યાય ન જ હોય તો વસ્તુ શેની? અને જો ધ્રુવ ઉપર દૃષ્ટિ ન હોય તો તે સમ્યગ્દર્શન શેનું? જો ધ્રુવ—કૂટસ્થ વસ્તુની દૃષ્ટિ ન કરે તો તે સમ્યગ્દર્શન નથી; ધ્રુવ એકરૂપ વસ્તુમાં પર્યાય પ્રગટવાના ભેદ નથી.

આ રીતે કારણસ્વભાવદર્શનઉપયોગ અને કાર્યસ્વભાવદર્શન-ઉપયોગનું સ્વરૂપ કહ્યું; પણ દર્શન ગુણનું નહીં. શુદ્ધ પરમ આત્મતત્ત્વની નિશ્ચલ એકરૂપ શ્રદ્ધા તે જ આત્માનો સ્વાભાવિક ગુણ અર્થાત્ કેવળદર્શન વ્યક્ત કરવાનું સાધન છે, માટે કારણસ્વભાવદૃષ્ટિ જે ત્રિકાળ એકરૂપ છે તે જ ઉપાદેય છે; સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન પણ ખરેખર ઉપાદેય નથી, કેમ કે તે એક સમય પૂરતી પર્યાય છે.

પ્રશ્ન :—પર્યાયને આદરણીય માને તો શું હાનિ?

ઉત્તર :—એક સમય પૂરતી પર્યાય છે તેના લક્ષે રાગ આવે છે, કેમ કે હજી સાધકદશા છે—ઊણી દશા છે; પરિપૂર્ણ નિર્મળ દશા પ્રગટી નથી તેથી અવસ્થાનું લક્ષ કરવા જતાં સ્વભાવનું લક્ષ રહેતું નથી; કેમ કે છદ્મસ્થનો ઉપયોગ ક્રમસર હોય છે, અને એકરૂપસ્વભાવની દૃષ્ટિમાં વળ્યા વગર નિર્મળ અવસ્થા થાય નહીં. માટે કારણસ્વભાવદૃષ્ટિ જે ત્રિકાળ એકરૂપ છે તે જ ઉપાદેય છે. (ક્રમશઃ) ❋

---

મારે કાંઈપણ જાણવાનું બાકી રહ્યું નથી. દેખવાનું બાકી રહ્યું નથી. તેમ જ કાંઈપણ આ જગતમાં સમજવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, કલ્યાણકારી, આદરવા યોગ્ય મારે કાંઈ બાકી રહ્યું નથી. કારણ કે આ જગતમાં અત્યંત પ્રયત્નપૂર્વક જાણવા યોગ્ય, દેખવા યોગ્ય, સમજવા યોગ્ય, અનુભવવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, શ્રેયરૂપ પરમ કલ્યાણકારી, આદરવા યોગ્ય જો કાંઈપણ હોય તો તે એક શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તે તો મહાભાગ્યયોગે જ્ઞાની—ભગવાનની વાણીના આરાધનથી મેં મેળવ્યું છે. માટે મને તે જ અત્યંત પ્રિય છે. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન—તરંગિણી, અધ્યાય-૧, ગાથા-૧૯)



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

અહીં આસ્રવભાવનાનું વર્ણન ચાલે છે, તેમાં મોહસહિત આસ્રવ તે જ ખરેખર આસ્રવ છે, એમ બતાવે છે—

**मोहविवागवसादो जे परिणामा हवंति जीवस्स ।**
**ते आसवा मुणिज्जसु मिच्छत्ताई अणेयविहा ।।८९।।**

**અર્થ :—**મોહકર્મના ઉદયથી આ જીવને જે પરિણામ થાય છે તે જ આસ્રવ છે, એમ હે ભવ્ય! તું પ્રગટપણે જાણ! તે પરિણામ મિથ્યાત્વાદિથી માંડીને અનેક પ્રકારનાં છે. ૮૯.

હે ભવ્ય ! તું પ્રગટપણે એમ જાણ કે આત્માને જે મિથ્યાત્વ અને રાગાદિના મલિન પરિણામો થાય છે તે જ આસ્રવ છે. વિષયોમાં સુખની માન્યતા, દયા-વ્રતાદિનાં શુભ પરિણામ—તે બધોય આસ્રવભાવ છે.

કર્મબંધનું કારણ આસ્રવ છે. મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાયને યોગ એ પાંચ પ્રકારના આસ્રવ છે. જેમ નૌકામાં છિદ્ર પડતાં પાણી આવે છે, તેમ જેને ચૈતન્યસ્વભાવને ચૂકીને મિથ્યાત્વાદિરૂપ છિદ્ર પડ્યું, તેને કર્મનો આસ્રવ થાય છે.

અનાદિથી જીવે સાત તત્ત્વોને યથાર્થ જાણ્યાં નથી. અનાદિથી સાત તત્ત્વની ભૂલ ચાલી આવે છે. જીવને અજીવનો કર્તા માને, અજીવથી પોતાને લાભ-નુકશાન માને, પુણ્ય-પાપ બંને વિકાર હોવા છતાં તેને સુખદાયક માને, પુણ્ય-પાપ બંને બંધનું કારણ હોવા છતાં પુણ્યને ધર્મનું કારણ માને, સંવર-નિર્જરાને કષ્ટદાયક માને, તથા મોક્ષને વિપરીત માને—તે જીવને સાત તત્ત્વોની ભૂલ છે. સાચા જ્ઞાનનો અભ્યાસ કરવામાં અજ્ઞાનીને અરુચિ અને કંટાળો આવે છે ને જમવામાં શીખંડ-પુરી ખાવામાં મજા આવે છે, તે જીવને સંવર-નિર્જરા તત્ત્વની વિપરીત બુદ્ધિ છે. ચૈતન્યસ્વભાવની ભ્રાંતિ અને વિષયોમાં લીનતા—એવી જે મિથ્યાબુદ્ધિ છે તે મહા આસ્રવ છે, તેમ જ હિંસાદિ અવિરતભાવ તથા પ્રમાદ, કષાય અને યોગ પણ નવા આસ્રવનું કારણ છે. તેમાં યોગ તો પ્રદેશ અને પ્રકૃતિનું જ તથા મિથ્યાત્વાદિ ચાર ભાવો સ્થિતિ અને અનુભાગનું કારણ છે.

**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭. —શ્રી સમયસાર**

મોહકર્મનો વિપાક થતાં તેને વશ થવાથી મિથ્યાત્વાદિભાવો થાય છે. કર્મ તો પર પદાર્થ છે, તે જીવને કાંઈ પણ નુકશાન કરતું નથી. આત્મા પોતે સ્વભાવ ચૂકીને મોહને તાબે થાય ત્યારે વિકાર થાય છે. ચોખા ક્યાં પાક્યા? ચોખા તો ચોખામાં પાક્યા. તે કાંઈ ખાનારને રાગ કરાવતા નથી કે તું મને ખા, પણ જીવ પોતે રાગ કરે છે. તેમ મોહકર્મને તાબે થઈને અજ્ઞાની જીવ મિથ્યાત્વાદિ ભાવના કરે છે. તે મિથ્યાત્વાદિ ભાવો જ આસ્રવ-બંધનું મુખ્યકારણ છે. યોગનું કંપન એક સમયના બંધને કરે છે પણ તેનાથી સ્થિતિ કે અનુભાગ પડતો નથી, તેથી યોગનું કંપન બંધના કારણોમાં મુખ્ય નથી. મિથ્યાત્વાદિ ભાવો જ મુખ્ય બંધનાં કારણો છે.

આગળ કહે છે કે પુણ્ય-પાપના ભેદથી આસ્રવને બે પ્રકારનો કહ્યો છે :—

**कम्मं पुण्णं पावं हेउं तेसिं च होंति सच्छिदरा ।**
**मंदकसाया सच्छा तिव्वकसाया असच्छा हु ।।९०।।**

**અર્થ** :—કર્મ છે તે પુણ્ય અને પાપ એવા બે પ્રકારનાં છે. તેનું કારણ પણ બે પ્રકારનું છે : એક પ્રશસ્ત અને બીજું અપ્રશસ્ત. ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તે તો પ્રશસ્ત એટલે શુભ છે તથા તીવ્ર કષાયરૂપ પરિણામ છે તે અપ્રશસ્ત એટલે અશુભ છે, એમ પ્રગટ જાણો. ૯૦.

શુભ અને અશુભ પરિણામોનું વર્ણન આગળ કરશે.

ભાવાર્થ :–શાતા વેદનીય, શુભ આયુ, ઉચ્ચગોત્ર અને શુભનામ—એ પ્રકૃતિઓ તો પુણ્ય (શુભ)રૂપ છે તથા બાકીનાં ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, નરકાયુ, નીચ ગોત્ર અને અશુભનામ એ બધી પ્રકૃતિઓ પાપરૂપ છે. તેમના કારણરૂપ આસ્રવ પણ બે પ્રકારના છે. ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તો પુણ્ય આસ્રવ છે તથા તીવ્ર કષાયરૂપ પરિણામ છે તે પાપાસ્રવ છે.

શુભ આયુ વગેરે પુણ્યપ્રકૃતિ શુભભાવથી બંધાય છે, તે પણ આસ્રવ છે, વિકાર છે. મંદ કષાય વડે પુણ્યાસ્રવ થાય છે, પણ તે કાંઈ ધર્મ નથી. ધર્મ તો અકષાયભાવરૂપ છે, તેનાથી આસ્રવ થાય નહિ. તીવ્ર કષાયરૂપ પાપ પરિણામથી અશુભ કર્મોનો આસ્રવ થાય છે. શુભ કે અશુભ બંને આસ્રવો વિકાર છે :—

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'—**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮. —શ્રી સમયસાર**

# ધર્મી-શ્રાવકો દ્વારા ધર્મનું પ્રવર્તન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ગુણવાન શ્રાવકો દ્વારા ધર્મની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે તેથી તે શ્રાવક પ્રશંસનીય છે. શ્રાવક–શ્રાવિકા પોતાની લક્ષ્મી વગેરે ફિદા કરીને પણ ધર્મની પ્રભાવના કર્યા કરે છે. સંતોના જીગરમાં ધર્મની પ્રભાવનાનો ભાવ હોય છે; ધર્મની શોભા ખાતર ધર્માત્મા–શ્રાવકો પોતાનું જીગર રેડી દે છે, એવી ધર્મની દાઝ (લાગણી) એમના અંતરમાં હોય છે.

જ્યાં ધર્મી શ્રાવક રહેતા હોય ત્યાં ધર્મની કેવી પ્રવૃત્તિ ચાલે તે બતાવે છે—

(शार्दूलविक्रीडित)

यत्र श्रावकलोक एष वसति स्यात्तत्र चैत्यालयो
यस्मिन् सोऽस्ति च तत्र सन्ति यतयो धर्मश्च तैर्वतते।
धर्मे सत्यघसंचयो विघटते स्वर्गापवर्गाश्रयं
सौख्यं भावि नृणां ततो गुणवतां स्युः श्रावकाः संमताः।।२०।।

અર્થ :—જે ગામમાં આ શ્રાવકો રહે છે ત્યાં ચૈત્યાલય થાય છે અને જ્યાં ચૈત્યાલય છે ત્યાં મુનિઓ રહે છે, તે મુનિઓ દ્વારા ધર્મની પ્રવૃત્તિ થાય છે તથા ધર્મ થતાં પાપના સમૂહનો નાશ થઈને સ્વર્ગ--મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. તેથી ગુણવાન મનુષ્યોને શ્રાવકો ઈષ્ટ છે. ૨૦.

જ્યાં આવા ધર્માત્મા શ્રાવકજનો વસતા હોય ત્યાં ચૈત્યાલય–જિનમંદિર હોય છે, અને જિનમંદિર હોય ત્યાં મુનિ વગેરે ધર્માત્માઓ આવે છે ને ત્યાં ધર્મની પ્રવૃત્તિ થાય છે. ધર્મવડે, પૂર્વસંચિત પાપોનો નાશ થાય છે ને સ્વર્ગ–મોક્ષના સુખની પ્રાપ્તિ થાય છે. આ રીતે ધર્મની પ્રવૃત્તિનું કારણ હોવાથી ગુણવાન પુરુષોવડે શ્રાવકો સંમત છે—આદરણીય છે—પ્રશંસનીય છે.

શ્રાવક જ્યાં રહેતા હોય ત્યાં દર્શન–પૂજન માટે જિનમંદિર કરાવે છે. અનેક મુનિઓ વગેરે વિહાર કરતા કરતા જ્યાં જિનમંદિર હોય ત્યાં આવે છે, ને તેમના

**ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જિનો વ્યવહારથી ‘આ વર્ણ છે આ જીવનો’. ૫૯. —શ્રી સમયસાર**

ઉપદેશ વગેરેથી ધર્મની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે, ને સ્વર્ગ–મોક્ષનું સાધન થાય છે. શ્રાવક હોય ત્યાં જ આ બધું થાય છે. માટે ભવ્યજીવોએ આવા ઉત્તમ શ્રાવકોનો આદરસત્કાર કરવો યોગ્ય છે. 'संमता' એટલે કે તે ઈષ્ટ છે, ધર્માત્માઓને માન્ય છે, પ્રશંસનીય છે.

જુઓ, જ્યાં શ્રાવક રહેતા હોય ત્યાં જિનમંદિર તો હોવું જ જોઈએ, થોડા શ્રાવક હોય ને નાનું ગામ હોય તો ભલે નાનું પણ દર્શન–પૂજન માટે ચૈત્યાલય તો પહેલાં કરાવે. અગાઉ ઘણા શ્રાવકો ઘરમાં પણ ચૈત્યાલય સ્થાપતા. જુઓને, મૂડબિદ્રિ (દક્ષિણ દેશ)માં રત્નોનાં કેવાં કેવાં જિનપ્રતિમાઓ છે! આવા જિનદેવના દર્શનથી તથા મુનિ વગેરેના ઉપદેશશ્રવણથી પૂર્વના બાંધેલા પાપો ક્ષણમાં છૂટી જાય છે. પહેલાં તો ઠેર ઠેર ગામેગામ વીતરાગી જિનમંદિરો હતાં, કેમકે દર્શન વગર તો શ્રાવકને ચાલે જ નહિ. દર્શન કર્યા વગરનું ખાવું તે તો વાસી ખાવા સમાન કહ્યું છે. જ્યાં જિનમંદિર ને જિનધર્મ ન હોય એવું ગામ તો સ્મશાનતૂલ્ય છે. માટે જ્યાં જ્યાં શ્રાવક હોય ત્યાં જિનમંદિર હોય ને મુનિ વગેરે ત્યાગી–ધર્માત્માઓ ત્યાં આવ્યા કરે, અનેક પ્રકારના ઉત્સવો થાય, ધર્મચર્ચા થાય; ને એના વડે પાપનો નાશ તથા સ્વર્ગ–મોક્ષનું સાધન થાય.

જિનબિંબદર્શનથી નિદ્ધત ને નિકાચિત મિથ્યાત્વકર્મના પણ સેંકડો ટુકડા થઈ જાય છે એવો સિદ્ધાન્તમાં ઉલ્લેખ છે; ધર્મની રુચિ સહિતની એ વાત છે : 'અહો, આ મારા જ્ઞાયકસ્વરૂપનું પ્રતિબિંબ!'—એવા ભાવથી દર્શન કરતાં, સમ્યગ્દર્શન ન હોય તો નવું સમ્યગ્દર્શન પામે છે, ને અનાદિના પાપોનો નાશ થઈ જાય છે, મોક્ષમાર્ગ ખૂલી જાય છે. ગૃહસ્થ-શ્રાવકો વડે આવા જિનમંદિરની ને ધર્મની પ્રવૃત્તિ થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે તે શ્રાવક માન્ય છે. ગૃહસ્થપણામાં રહેલા બેનો-ભાઈઓ પણ જે ધર્માત્મા છે તે સજ્જનોને આદરણીય છે. શ્રાવિકા પણ જૈનધર્મની એવી પ્રભાવના કરે છે; તે શ્રાવિકા-ધર્માત્મા પણ જગતના જીવો વડે સત્કાર કરવા યોગ્ય છે. જુઓને, ચેલણારાણીએ જૈનધર્મની કેવી પ્રભાવના કરી! આ રીતે ગૃહસ્થપણામાં રહેલા શ્રાવક-શ્રાવિકા પોતાની લક્ષ્મી વગેરે ફિદા કરીને પણ ધર્મની પ્રભાવના કર્યા કરે છે. સંતોના જીગરમાં ધર્મની પ્રભાવનાનો ભાવ હોય છે; ધર્મની શોભા ખાતર ધર્માત્મા-શ્રાવકો પોતાનું જીવન રેડી દે છે, એવી ધર્મની દાઝ (તીવ્ર લાગણી) એમના અંતરમાં હોય છે. આવા શ્રાવકના ધર્મનો અહીં પદ્મનંદીસ્વામીએ આ અધિકારમાં પ્રકાશ કર્યો છે, ઉદ્યોત

**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦. —શ્રી સમયસાર**

કર્યો છે. આનો વિસ્તાર ને પ્રચાર કરવા જેવો છે, એટલે આપણે પ્રવચનમાં આ અધિકાર ત્રીજી વખત વંચાય છે.

જુઓ, આ શ્રાવકધર્મમાં ભૂમિકા અનુસાર આત્માની શુદ્ધિ તો ભેગી વર્તે જ છે. પંચમગુણસ્થાનવર્તી શ્રાવક ઉત્તમ દેવગતિ સિવાય બીજી કોઈ ગતિમાં જાય નહિ—એ નિયમ છે. સ્વર્ગમાં જઈને ત્યાં પણ તે જિનેન્દ્રદેવનાં પૂજન-ભક્તિ કરે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા સંત પ્રમોદથી કહે છે કે અહો! સ્વર્ગ-મોક્ષની પ્રવૃત્તિના કારણરૂપ તે ધર્માત્મા—શ્રાવકો અમને સંમત છે, ગુણીજનો વડે તે આદરણીય છે.

શ્રાવક એકલો હોય તોપણ પોતાની શક્તિઅનુસાર દર્શન માટે જિનમંદિર વગેરે કરાવે. જેમ પુત્ર-પુત્રીના લગ્નમાં પોતાની શક્તિઅનુસાર ધન હોંશથી વાપરે છે, ત્યાં બીજા પાસે ખરડો કરાવવા જતા નથી, તેમ ધર્મીજીવ જિનમંદિર વગેરે માટે પોતાની શક્તિઅનુસાર ઉત્સાહથી ધન વાપરે છે. પોતાની પાસે શક્તિ હોય છતાં ધન ન વાપરે ને બીજા પાસે માંગવા જાય—એ ન શોભે. જિનમંદિર તો ધર્મની પ્રવૃત્તિનું મુખ્ય સ્થાન છે. મુનિઓ પણ ત્યાં દર્શન કરવા પધારે. ગામમાં કોઈ ધર્માત્મા પધારે તોપણ તે જિનમંદિરે જરૂર આવે. સારા કાળમાં તો એવું બનતું કે મુનિવરો આકાશમાં વિહાર કરતા હોય ને નીચે જિનમંદિર દેખે તો દર્શન કરવા ઊતરે, ને મહાન ધર્મપ્રભાવના થાય. અહો, એવા વીતરાગી મુનિ અત્યારે તો હિન્દુસ્તાનમાં ગોત્યા જડતાં નથી. વનમાં વિચરનારા સિંહ જેવા મુનિવરોનાં દર્શન તો બહુ વિરલ હોય છે; પણ ધર્મની પ્રવૃત્તિ ધર્માત્મા-શ્રાવકો દ્વારા જ ચાલ્યા કરે છે, તેથી એવા શ્રાવકો પ્રશંસનીય છે.

અરે જીવ! તું સર્વજ્ઞની અને જ્ઞાનની પ્રતીત વગર ધર્મ ક્યાં કરીશ? રાગમાં ઊભા રહીને સર્વજ્ઞની પ્રતીત થતી નથી. રાગથી જુદો પડીને જ્ઞાનરૂપ થઈને સર્વજ્ઞની પ્રતીત થાય છે. આ રીતે જ્ઞાનસ્વભાવના લક્ષપૂર્વક સર્વજ્ઞની ઓળખાણ કરીને તેમના વચનઅનુસાર ધર્મની પ્રવૃત્તિ થાય છે. સમકિતી—જ્ઞાનીનાં જે વચન છે તે પણ સર્વજ્ઞ—અનુસાર છે કેમકે તેના હૃદયમાં સર્વજ્ઞદેવ બેઠા છે. જેના હૃદયમાં સર્વજ્ઞ ન હોય એટલે કે સર્વજ્ઞને જે માનતો ન હોય તેનાં ધર્મવચન સાચાં હોય નહિ. આ રીતે સર્વજ્ઞની ઓળખાણ તે ધર્મનું મૂળ છે.

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.　　—શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્માને અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો તે ધર્મ છે. આત્મા વસ્તુ છે, એમાં જ્ઞાન ને આનંદ ત્રિકાળ છે. અંતર્મુખ થઈ વીતરાગી આનંદનો અનુભવ થવો તે ધર્મ છે ને મુક્તિનો ઉપાય છે.

આત્મામાં અધિકરણ ગુણ છે. તેમાં એકરૂપતા છે. તેના આધારે નિર્મળતા પ્રગટ થાય છે.

જો અધિકરણ ગુણ ન હોય તો સર્વનો આધાર ન હોત. સર્વનો આધાર એટલે કે અનેક વીતરાગી પર્યાયનો આધાર તે ગુણ છે. શરીરની ક્રિયા કરી શકાય કે પરની દયા પાળી શકાય તે વાત તો છે જ નહિ. એવો રાગ આવે પણ પરનું કરી શકે એ વાત મિથ્યા છે. વસ્તુના અવલંબને અનેક પ્રકારની વીતરાગી પર્યાયો પ્રગટે છે.

**૪૧. સ્વયંસિદ્ધ** : આત્માનો કોઈ કર્તા નથી, વળી આત્મા રાગને લીધે ટક્યો નથી તેમ જ પર્યાયને લીધે પણ ટક્યો નથી. સ્વયંસિદ્ધ નામના ગુણને લીધે ટકે છે. તે ગુણ ન હોય તો પરાધિનતા આવત. આત્મા પોતે પોતાથી નક્કી કરવા માટે રાગ, સંહનન કે પર્યાયની જરૂર નથી. સ્વયંસિદ્ધ શક્તિ પડેલી છે. મારાથી હું છું, મારાપણું પરને લીધે નથી. આત્માનું આવું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના ધર્મ થાય નહિ ને સંસારમાં રખડવાનું ટળે નહિ.

**૪૨. અજ** : આત્મામાં અજ એટલે જન્મવું નહિ એવો ગુણ છે. આત્મા કદી જન્મતો નથી. જો તે ગુણ ન હોય તો શરીર અને રાગને ઉપજાવવામાં નિમિત્ત થયા કરત. આત્મા ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે, જન્મવાનું તો નથી પણ રાગને ઉપજાવવામાં પણ આત્મા નિમિત્ત નથી.

**૪૩. અખંડ** : આત્મામાં અખંડ નામે એક ગુણ છે. તેના આધારે આનંદ ને અનુભવમાં અખંડિતતા આવે છે. જો તે ન હોત તો સદાય રાગદ્વેષમાં અટક્યા કરત ને જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ખંડિતતા રહ્યા કરત, સાધકદશામાં બાધકદશા રહ્યા કરત ને

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.** —**શ્રી સમયસાર**

સિદ્ધદશા કદી ન થાત. એટલે કે પર્યાયમાં સદા અપૂર્ણતા રહેત.

**૪૪. વિમળ** : દયા-દાનાદિ શુભ વિકાર છે, તે અનિત્ય પર્યાયમાં થાય છે, પણ સ્વભાવમાં વિમળ નામનો ગુણ છે તેથી સદાય નિર્મળ છે. જો તે ન હોય તો સદાય મેલ રહ્યા કરત, એટલે કે સંસારનો અભાવ થાત નહિ. આવા સ્વભાવની પ્રતીતિ જ્ઞાન ને એકાગ્રતા તે ધર્મ છે.

એકગુણની ના પાડો તો અનંતા ગુણોનો પિંડ એવું દ્રવ્ય રહેતું નથી, તેમજ ગુણની વર્તમાન હાલત એટલે પર્યાય રહેતી નથી. આમ એક ગુણની ના પાડતાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભૂલ થાય છે. વસ્તુ એકરૂપ છે, તેના ગુણો સ્વયંસિદ્ધ છે. એક ગુણ ન હોય તો વસ્તુની પ્રતીતિ સાચી થતી નથી, તે વિના ચારિત્ર થતું નથી.

**૪૫. એક** : આત્મામાં એક નામનો ગુણ છે. બધા થઈને એક આત્મા નથી, પણ ગુણ-પર્યાયરૂપે અનેકપણે હોવા છતાં વસ્તુપણે આત્મા એક છે.

**૪૬. અનેક** : અનંત ગુણોમાં અનેક નામનો એક ગુણ છે. જો અનેક ન હોય તો ગુણ અનેક ન રહેત, જેમ દ્રવ્ય એક છે તેમ ગુણ પણ એક રહેત પણ એમ હોતું નથી.

**૪૭. નિત્ય** : આત્મામાં નિત્ય નામનો ગુણ છે. જો તે ન હોય તો આત્મા એકાંતે અનિત્ય થઈ જાત, પણ એમ બનતું નથી.

**૪૮. અનિત્ય** : આત્માની પર્યાયમાં ૧. અનંતગુણવૃદ્ધિ, ૨. અસંખ્યગુણવૃદ્ધિ, ૩. સંખ્યગુણવૃદ્ધિ, ૪. અનંતભાગવૃદ્ધિ, ૫. અસંખ્યભાગવૃદ્ધિ, ૬. સંખ્યભાગવૃદ્ધિ, ૧. અનંતગુણહાનિ, ૨. અસંખ્યગુણ હાનિ, ૩. સંખ્યગુણ હાનિ, ૪. અનંતભાગ હાનિ. ૫. અસંખ્યભાગ હાનિ, ૬. સંખ્યભાગ હાનિ—એ છ છ પ્રકારે ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ પરિણમન થયા કરે છે. એવા છ ભેદોરૂપે પરિણતિ આ અનિત્ય ગુણને લીધે થાય છે. પોતાનું પ્રયોજનકરૂપ કાર્ય કરવું છે તે અનિત્યને લીધે થાય છે. આત્મા સર્વથા કૂટસ્થ નથી પણ તેમાં સમયે સમયે નવી નવી અવસ્થા થયા કરે છે. અનિત્યગુણ ન હોય તો પર્યાયમાં નવાં નવાં કાર્યો થઈ શકે નહિ. આત્મા નિત્યપરિણામી છે. આત્મામાં નિત્ય અને અનિત્ય એવા બે ગુણો છે.

**૪૯. ભેદ** : એ ભેદ નામનો ગુણ ન હોય તો દ્રવ્ય-ગુણ ભેદ રહેત નહિ. આત્મા દ્રવ્યે એક છે ને ગુણો અનંત છે. જો ભેદ ન હોત તો આત્મા એક તેમજ ગુણ પણ એક

**વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩. —શ્રી સમયસાર**

થઈ જાત અથવા ગુણો અનંતા હોવાથી આત્મા પણ અનંત થઈ જાત, પણ એમ બને નહિ. દ્રવ્યે એક છે ને ગુણો અનેક છે. આમ દ્રવ્ય-ગુણમાં ભેદ છે. તે ભેદગુણને લીધે છે.

ધર્મ કરનારને આવું યથાર્થ જ્ઞાન થવું જોઈએ. પરમ તત્ત્વના શ્રવણની જિજ્ઞાસા નથી તે આ સાંભળવા ન આવે, પણ ક્રિયાકાંડમાં રસ લીધા કરે. તત્ત્વની વાત સાંભળવી દુર્લભ છે, ને પછી ગ્રહણ કરવી ને ધારણ કરવી દુર્લભ છે, પછી રુચિગત કરવી દુર્લભ છે.

**૫૦. અભેદ** : જો અભેદ નામનો ગુણ ન હોય તો ગુણને દ્રવ્યના પ્રદેશો જુદા થઈ જાત. શરીર, મન, વાણીથી જુદો આત્મા વસ્તુરૂપે એક છે, તે અભેદગુણને લીધે છે. અભેદ ગુણ ન હોય તો દરેક ગુણ દીઠ એક એક વસ્તુ થઈ જાત એટલે કે વસ્તુ અનંતી થઈ જાત, પણ એમ બનતું નથી. આત્મામાં અનંતા ગુણો હોવા છતાં દ્રવ્ય ને ગુણ પ્રદેશે અભેદ છે તે અભેદગુણને લીધે છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

હવે મંદ અને તીવ્ર કષાયના દૃષ્ટાંતો કહે છે.

सव्वत्थ वि पियवयणं दुव्वयणे दुज्जणे वि खमकरणं ।
सव्वेसिं गुणगहणं मंदकसायाण दिट्ठंता ।।९१।।

**અર્થ**:—સર્વ જગ્યાએ શત્રુ-મિત્રાદિમાં પ્રિય-હિતરૂપ વચન બોલવાં, દુર્વચનો સાંભળીને પણ દુર્જનો પ્રત્યે ક્ષમા કરવી તથા સર્વ જીવોના ગુણ જ ગ્રહણ કરવા—એ સર્વ મંદકષાયી જીવોનાં દૃષ્ટાંત છે. ૯૧.

બધા જીવો પ્રત્યે પ્રિય અને હિતરૂપ વચન બોલવાનો શુભભાવ તે પણ વિકાર છે. તે પુણ્યાસ્રવનું કારણ છે. દુર્વચનો કહેનારા દુર્જનો પ્રત્યે પણ ક્ષમાનો શુભરાગ રાખવો તે પુણ્ય છે, આસ્રવનું કારણ છે, તે ધર્મ નથી. ચૈતન્યસ્વભાવના ભાનસહિત ક્રોધાદિ વિકારભાવ ન થાય ને વીતરાગભાવ રહે તેનું નામ પરમાર્થ ક્ષમા છે, તે ધર્મ છે તથા સર્વે જીવોનાં ગુણ ગ્રહણ કરવા એટલે જેનામાં જે ગુણ હોય તે ગ્રહણ કરવા તે પણ શુભ આસ્રવનું કારણ છે. (ક્રમશઃ)

**એ રીત પુદ્ગલ તે જ જીવ, હે મૂઢમતિ ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪. —શ્રી સમયસાર**

# શ્રાવકનાં ૨૧ ગુણો

અધ્યાત્મ કવિ પં. બનારસીદાસજીએ નાટક સમયસારમાં છેલ્લે ૧૪ ગુણસ્થાનનું વર્ણન કર્યું છે; તેમાં અણુવ્રતરૂપ પંચમ ગુણસ્થાનના વર્ણનમાં શ્રાવકના ૨૧ ગુણો બતાવ્યા છે. તે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ. દરેક મુમુક્ષુએ આ ગુણોનું સ્વરૂપ વિચારીને પોતામાં ધારણ કરવા; તેના વડે જીવન શોભી ઊઠશે :—

(સવૈયા)

લજ્જાવંત, દયાવંત, પ્રશાંત, પ્રતીતવંત,
પરદોષકો ઢકૈયા, પર-ઉપકારી હૈ;
સૌમ્યદૃષ્ટિ ગુણગ્રાહી, ગરિષ્ટ, સબકે ઈષ્ટ,
શિષ્ટ પક્ષી, મિષ્ટવાદી, દીરઘ વિચારી હૈ,
વિશેષજ્ઞ, રસજ્ઞ, કૃતજ્ઞ, તત્જ્ઞ, ધરમજ્ઞ,
ન દીન, ન અભિમાની, મધ્ય વ્યવહારી હૈ;
સહજ વિનિત, પાપક્રિયાસોં અતીત ઐસો,
શ્રાવક પુનીત ઈકવીસ ગુણધારી હૈ.

(૧) **લજ્જાવંત** : કોઈ પણ પાપકાર્ય, અન્યાય, અનીતિ વગેરેમાં તેને શરમ આવે કે અરે ! હું જૈન, હું જિનવરદેવનો ભક્ત, હું આત્માનો જિજ્ઞાસુ, તો મને આવા પાપકાર્ય શોભે નહીં, મારું જીવન તો રત્નત્રયરૂપ ઉત્તમ ભાવવાળું હોય.

(૨) **દયાવંત** : અરે ! આ ઘોર દુઃખમય સંસાર, તેમાં જીવો કેવા દુઃખી છે !! મારા નિમિત્તે કોઈ જીવને દુઃખ ન હો, કોઈને દુઃખ દેવાનો ભાવ મને ન હો, મારો આત્મા દુઃખથી છૂટે, ને જગતના જીવો પણ દુઃખથી છૂટે—એવી દયાભાવના હોય છે.

(૩) **પ્રશાંત** : કષાય વગરના શાંત પરિણામ હોય; માન—અપમાનાદિના નજીવા પ્રસંગોમાં વારંવાર ક્રોધ થઈ આવે, કે નજીવા પ્રસંગમાં હરખના હિલોળે ચડી જાય—એવું તેને ન હોય; બંને પ્રસંગોમાં વિશેષ ક્રોધ કે હરખ વગર શાંત-ગંભીર પરિણામવાળો હોય.

(૪) **પ્રતીતવંત** : દેવ-ગુરુ-ધર્મ ઉપર તેમજ સાધર્મી ઉપર તેને પ્રતીત હોય છે. વાત-વાતમાં સાધર્મી ઉપર સંદેહ કરવો તે શ્રાવકને શોભે નહિ. પોતાનું અપમાનાદિ થાય, પ્રતિકૂળતા આવે કે બીજાના માનાદિ વધી જાય તેથી ધર્મમાં સંદેહ કરતો નથી, દૃઢ પ્રતીતિ રાખે છે.

(૫) **પરદોષને ઢાંકનાર** : અરેરે! દોષમાં તો જગતના જીવો ડૂબેલા જ છે, ત્યાં પારકા દોષ શું જોવા? મારે તો મારા દોષ મટાડવાના છે. કોઈ સાધર્મી કે અન્ય જીવથી દોષ થઈ જાય તો તેની રક્ષા કરીને દોષ દૂર થાય તેમ કરવું ઉચિત છે; પણ દોષ દેખીને નિંદા કરવી ઉચિત નથી.

(૬) **પર-ઉપકારી** : ધર્મબુદ્ધિ વડે તેમજ તન-મન-ધનાદિ વડે પણ પરજીવોનો ઉપકાર કરે છે. જગતના જીવોનું હિત થાય, સાધર્મીઓને દેવ-ગુરુ-ધર્મના સેવનમાં સર્વ પ્રકારે અનુકૂળતા આપું ને તેઓ નિરાકૂળપણે ધર્મને આરાધે એવી ઉપકારભાવના શ્રાવકને હોય છે.

(૭) **સૌમ્યદૃષ્ટિવંત** : એની દૃષ્ટિમાં સૌમ્યતા હોય છે; જેમ માતા બાળકને મીઠી નજરે જુએ છે તેમ ધર્માત્મા બધા જીવોને મીઠી નજરે જુએ છે. એને જોઈને બીજા ભયભીત થાય—એવી કઠોરતા હોય નહિં; પરિણામ ઘણા સૌમ્ય હોય છે—જેનો સંગ બીજા જીવોને શાંતિ પમાડે છે.

(૮) **ગુણગ્રાહી** : ગુણનો ગ્રાહક હોય છે; સમ્યક્ત્વાદિ ગુણોને દેખીને તેની પ્રશંસા કરે છે; અલ્પ ક્રોધાદિ દોષ દેખીને સમ્યક્ત્વાદિ ગુણો પ્રત્યે અનાદર કરતા નથી, પણ ગુણોને ઓળખીને તેનો આદર કરે છે. પોતાનું કોઈ અપમાનાદિ કરે તેથી તેના ગુણોનો પણ અનાદર ન કરી નાંખે પણ એમ વિચારે કે મારું ભલે અપમાન કર્યું પણ એનામાં જૈનધર્મ પ્રત્યેનો પ્રેમ આદર છે, તે જૈનધર્મના ભક્ત છે, દેવ-ગુરુનો આદર કરનારા છે, મારા સાધર્મી છે; એમ તેના ગુણોનું ગ્રહણ કરે. આમ ગુણનું ગ્રહણ કરવાથી તે સાધર્મી પ્રત્યે દ્વેષભાવ ન આવે, પણ પ્રેમ અને વાત્સલ્ય આવે છે.

(૯) **ગરિષ્ટ (સહનશીલ)** : સંસારમાં શુભાશુભ કર્મયોગે અનુકૂળતા—પ્રતિકૂળતા તો આવે; કંઈક પ્રતિકૂળતા આવી જાય કે અપમાનાદિ થાય, રોગ થાય, ત્યાં ધૈર્યપૂર્વક સહન કરે ને ધર્મમાં દૃઢતા રાખે; પ્રતિકૂળતામાં ગભરાઈ ન જાય, આર્તધ્યાનથી ખેદખિન્ન ન થાય; પણ સહનશીલતાપણે વૈરાગ્ય વધારે.

(૧૦) **સૌને પ્રિય** : બધા પ્રત્યે મધુર વ્યવહાર રાખે, કટુ વ્યવહાર ન રાખે; સાધર્મીના પ્રેમને લીધે, સજ્જનતાને લીધે, ન્યાય-નીતિ અને ધાર્મિકવૃત્તિને લીધે સજ્જનોને તો વહાલો લાગે, ને કોઈ વિરોધી હોય તો તેના પ્રત્યે પણ પ્રેમપૂર્ણ વ્યવહારથી તેનું દિલ જીતી લ્યે, ક્યાંય પણ ક્લેશ વધે એવો વ્યવહાર ન કરે.

(ક્રમશઃ) ❊

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શું ભાવલિંગ પણ જીવનું સ્વરૂપ નથી?

ઉત્તર :—દ્રવ્યલિંગ તો સર્વથા જીવનું સ્વરૂપ નથી અને ભાવલિંગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધ નિર્મળ પર્યાય, જે પૂર્ણ સ્વરૂપ એવા મોક્ષનું સાધક છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે, પરમાર્થ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. અહાહા! સાધક પર્યાયને દ્રવ્યની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. દેહાદિ કે રાગાદિ તો જીવના નથી જ પણ અહીં તો ભાવલિંગની નિર્મળ પર્યાય જે મોક્ષની સાધક છે તે પણ જીવની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. પર્યાયનું લક્ષ છોડાવવા, ભેદજ્ઞાનની પરાકાષ્ટાની આ ગાથા (પરમાત્મપ્રકાશ ૮૮) છે. ધ્રુવસ્વભાવની સન્મુખ જે ધ્યાનની અકષાય સાધક પર્યાય પ્રગટ થાય છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે, પરમાર્થથી તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ જીવનું સ્વરૂપ છે, આવી વાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે છે.

પ્રશ્ન :—એક બાજુ કહે છે કે સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યને ભોગવે છે છતાં બંધાતો નથી ને બીજી બાજુ કહેવાય છે કે પરદ્રવ્યને ભોગવી શકાતું નથી તો તેમાં સાચું શું સમજવું?

ઉત્તર :—જ્ઞાની કે અજ્ઞાની કોઈ પરદ્રવ્યને ભોગવી શકતું જ નથી પણ અજ્ઞાની માને છે કે હું પરદ્રવ્યને ભોગવું છું, તેથી અહીં અજ્ઞાનીની ભાષાથી એટલે કે વ્યવહારથી વાત કરીને કહ્યું કે જ્ઞાની પરદ્રવ્યને ભોગવવા છતાં બંધાતો નથી, કેમ કે જ્ઞાનીને રાગમાં એકત્વબુદ્ધિ નથી તેથી પરદ્રવ્યની ક્રિયા થવા છતાં બંધ થતો નથી તેમ કહે છે.

જ્ઞાનીને ચેતન દ્રવ્યનો ઘાત થવા છતાં બંધન નથી તેમ કહ્યું તેથી એમ ન માનવું કે સ્વચ્છંદી થઈને પરજીવનો ઘાત કરવામાં વાંધો નથી! અહીં તો એવો આશય છે કે જેને રાગમાં રુચિ છૂટી ગઈ છે, આત્માના આનંદનું ભાન ને વેદન વર્તે છે છતાં અલ્પ નબળાઈથી રાગ આવી જાય છે ને ચારિત્રદોષના નિમિત્તથી ચેતનનો ઘાત થઈ જતા

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને**
**પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫. —શ્રી સમયસાર**

અલ્પ બંધ થાય છે તેને ગૌણ કરીને જ્ઞાનીને બંધ નથી તેમ કહ્યું છે. પરંતુ જેને રાગમાં રુચિ પડી છે ને પરદ્રવ્યને હું મારી શકું છું. પરદ્રવ્યને હું ભોગવી શકું છું એવી રુચિ પૂર્વકનો જ્યાં ભાવ છે ત્યાં રાગમાં એકત્વબુદ્ધિ થવાથી હિંસાકૃત બંધ જરૂર થાય છે.

જે પરિણામ પર સન્મુખ થઈને થાય છે તેને એકત્વબુદ્ધિની અપેક્ષાથી અધ્યવસાન કહીને બંધનું કારણ કહ્યું છે. જે પરિણામ પર સાથે એકત્વ થયા વિના રાગના થાય તે અધ્યવસાન કહેવાય પણ તેને મિથ્યાત્વનો બંધ કહેતા નથી, અલ્પ રાગનો બંધ થાય તેને ગૌણ કરીને બંધ નથી તેમ કહેવાય છે અને જે પરિણામ સ્વભાવ સન્મુખના થાય તેને સ્વભાવની સાથે એકત્વરૂપ થવાથી અધ્યવસાન કહેવાય અને તે અધ્યવસાનને મોક્ષનું કારણ કહેવાય છે.

દેવનું સ્વરૂપ, ગુરુનું સ્વરૂપ, શાસ્ત્રનું સ્વરૂપ, ધર્મનું સ્વરૂપ વાસ્તવિકપણે સમજે તેને સમ્યગ્દર્શન થાય જ. આવા સંસ્કાર લઈને કદાચ બીજા ભવમાં જાય તો ત્યાં આ સંસ્કાર તેને ફાલશે.

પ્રશ્ન :—ભેદજ્ઞાનના વિચારમાં મુખ્યતા કાંઈ ખરી?–કે પરથી ભેદજ્ઞાન કરવું કે દ્રવ્ય–પર્યાયથી ભેદજ્ઞાન કરવું કે જ્ઞેયથી ભેદજ્ઞાન કરવું?

ઉત્તર :—એ બધું એક જ છે. વિચાર તો બધા આવે, પણ જોર આનીકોર (અંદરનું) હોવું જોઈએ.

પ્રશ્ન :—અજ્ઞાની જિજ્ઞાસુ જીવ સ્વભાવ ને વિભાવનું ભેદજ્ઞાન કરવા પ્રયત્ન કરે છે પણ સ્વભાવને જોયો નથી તો તેનાથી વિભાવને ભિન્ન કેવી રીતે કરી શકે?

ઉત્તર :—જો પહેલાં જિજ્ઞાસુ જીવે સ્વભાવને જોયો હોય તો તેને ભેદજ્ઞાન કરાવવાનું ક્યાં રહ્યું? જિજ્ઞાસુ જીવે પહેલાં અનુમાનથી નક્કી કરવાનું છે કે આ પર તરફના વલણનો ભાવ છે તે વિભાવ છે અને અંદર વલણ કરવું તે સ્વભાવ છે. પર તરફના વલણના ભાવમાં આકુળતા ને દુઃખ છે અને અંતર વલણના ભાવમાં શાંતિ છે. એમ સ્વભાવને પહેલાં અનુમાનથી નક્કી કરે છે.

પ્રશ્ન :—ધર્મનો મર્મ શું છે?

ઉત્તર :—આત્મા પોતાના સ્વભાવ સામર્થ્યથી પૂર્ણ છે ને પરથી અત્યંત જુદો છે એમ સ્વ-પરની ભિન્નતાને જાણીને સ્વદ્રવ્યના અનુભવથી આત્મા શુદ્ધતાને પામે તે ધર્મનો મર્મ છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સાચી રુચિવાળા જીવની પરિણતિ કેવી હોય તે બતાવશોજી.

પૂજ્ય બહેનશ્રી :—જે રુચિવાળો હોય તેને એમ થાય કે કરવા જેવું તો આ એક જ છે, શુદ્ધાત્મારૂપે પરિણતિ કરવી તે જ કરવાનું છે. પણ હજી મારાથી થયું નથી. આત્મા શુદ્ધ છે પણ પુરુષાર્થ કરીને શુદ્ધતાને હું પામ્યો નથી. તેનું હૃદય ભીંજાયેલું હોય છે. તે અશુભથી બચવા શુભમાં ઊભો રહે છે, પણ શુભમાં સર્વસ્વ માનતો નથી. જે સ્વચ્છંદી જીવો છે તે પોતાને પર્યાયથી શુદ્ધ માને છે ને આ બધું ઉદય આધીન થાય છે એમ કહે છે. પણ તે એક જાતનું શુષ્ક જ્ઞાન છે.

રુચિવાળા જીવને જ્ઞાન અને ક્રિયાનયની મૈત્રી ભલે અંતરમાં પરિણતિરૂપે પ્રગટી નથી, છતાં ક્રિયામાં મોક્ષ માનતો નથી. અને આત્મા શુદ્ધ છે, પરંતુ હું તે રૂપે પરિણમ્યો નથી એમ માને છે. તેને શુભભાવ આવે છે, પરંતુ શુભમાં સર્વસ્વ માનતો નથી. અને શુદ્ધભાવ કેમ પ્રગટે તેની ભાવના રહે છે. આત્મા વસ્તુસ્વભાવે શુદ્ધ છે એવી રુચિ અને ભાવનાથી જે જિજ્ઞાસુ છે, મુમુક્ષુ છે, આત્માર્થી છે તેનું હૃદય ભીંજાયેલું રહેવું જોઈએ. જે શુષ્કજ્ઞાની છે તેનું હૃદય ભીંજાયેલું હોતું નથી અને બીજા (ક્રિયાજડ) ક્રિયાના પક્ષપાતી થઈ જાય છે.

રુચિવાળા જીવને ''કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ'' માત્ર મોક્ષની અભિલાષા રહે છે. આત્માર્થીને ન શોભે તેવા કષાયો તેને હોતા નથી.

''ભવે ખેદ અંતર દયા ત્યાં આત્માર્થ નિવાસ.'' આત્માર્થીનું હૃદય એવું હોય છે કે શુદ્ધાત્મા કેમ પ્રગટે ? જિજ્ઞાસા એવી હોય છે કે શુદ્ધાત્માની પરિણતિ કેમ પ્રગટ થાય ? તેવી ભાવનાથી તેનું હૃદય ભીંજાયેલું હોય છે. આવા જીવને જ્ઞાન અને ક્રિયાનયના પક્ષપાતી કહેવાતા નથી પણ તે મુમુક્ષુની ભૂમિકામાં છે. હું આગળ વધી શકતો નથી તેવી ખટકથી તેનું હૃદય ભીંજાયેલું રહે છે.

આત્માર્થી ભક્તિમાં જોડાય છે ને યથાશક્તિ વિરક્તિ પણ હોય છે. તે બહારમાં રચ્યો-પચ્યો રહેતો નથી. તેને અંદર કષાયની તીવ્રતા વધતી નથી, પણ મંદતા હોય છે.

તેને આત્માર્થનું પ્રયોજન હોય છે, ને એવી અંદરની રુચિ હોય છે.

જેને શુદ્ધજ્ઞાન અને ક્રિયાનયની મૈત્રી પ્રગટ થઈ છે તે જ્ઞાનીની વાત જુદી છે અને જેને જ્ઞાનનય કે ક્રિયાનયનો પક્ષપાત વર્તે છે તે અજ્ઞાનીની વાત પણ જુદી છે. જ્યારે આ તો રુચિવાળો જીવ છે.

ચૈતન્યનું કાર્ય કરવું એ તારી ફરજ નથી ? તારો કાળ નકામો ન ગુમાવીશ. આ મનુષ્યભવનો કાળ આત્માને માટે ગાળ. શરીર માટે અનંતકાળ કાઢ્યો, શરીરની સગવડતા માટે અનંતકાળ કાઢ્યો—ગુમાવ્યો છે. હવે એક ભવ તું આત્માને માટે કાઢ. આ ભવ એવો કાઢ—એવો વિતાવ કે બધા ભવનો અભાવ થઈ જાય. બધા અનંતભવ શરીર ખાતર, બહારની સગવડતા ખાતર ગાળ્યા; પણ તારા ભવભ્રમણનો છુટકારો થયો નથી. આત્માને માટે હવે એક ભવ તો એવો ગાળ કે જેથી તારા બધા ભવનો અભાવ થઈ જાય.

પ્રશ્ન :—આત્મજ્ઞાન પ્રગટ કરવા માટે તપશ્ચર્યા કરવી પડે ?

પૂજ્ય બહેનશ્રી :—આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનું જ્ઞાન પ્રગટાવવાના પુરુષાર્થમાં વચ્ચે શુભભાવ આવે છે. પણ એકલી તપશ્ચર્યા કરે તો કંઈ થાય નહિ. સાચા માર્ગે ચાલવું હોય તો, પહેલાં ઓળખાણ કરે કે કયા માર્ગે જવું છે. માર્ગ જાણ્યા વગર કોઈ ચાલવા માંડે અને ક્રિયા કરવા માંડે; પણ ક્યાં જવું છે તે તો નક્કી કર ? આત્મામાં જવું છે, તો આત્માને ઓળખ્યા વગર તારાં પગલાં ક્યાં ભરીશ ? જ્ઞાન યથાર્થ કર, તો તારી જ્ઞાન-પરિણતિની જે ક્રિયા થશે તે રાગથી જુદી પડશે. માર્ગ અંતરમાં છે, બહારમાં નથી.

ભેદજ્ઞાનજ્યોતિ અંદરમાંથી રાગ અને સ્વભાવને જુદા પાડીને સ્વાનુભૂતિની દશા પ્રગટ કરે છે. સ્વરૂપલીનતા કરવી તે જ્ઞાનજ્યોતિનો સહજ સ્વભાવ છે. કૃત્રિમ વિભાવ અનાદિથી તેને સહજ જેવો થઈ પડ્યો છે; પણ પોતાનો સ્વભાવ પ્રગટ થવો તે સહજ છે. જ્ઞાનજ્યોતિ જ્યાં સ્વભાવના પંથે ચાલી ત્યાં સ્વભાવ સ્વભાવમાંથી ઊઘડતો જાય છે ને લીનતા વધતાં ભૂમિકા વધતી જાય છે. જ્ઞાનજ્યોતિ લીલામાત્રમાં વિભાવને ઉખેડી નાખે છે, વચ્ચે જે વિભાવ આવે તેને કાઢી નાખે છે.

નાનાં બાળકો નિશાળમાં ભણતાં હોય ને હોંશિયાર હોય તો જરાક વારમાં જવાબ લખી નાખે, તુરત જવાબ આપી દે, તેને બોજો ન લાગે. આ તો દૃષ્ટાંત છે. તેમ જ્ઞાનજ્યોતિની શક્તિ પ્રગટ થઈ તે લીલામાત્રમાં સ્વરૂપમાં લીન થાય છે. પરિણતિ બહાર આવતાં અંતરમાં જવું તે પોતાના હાથની વાત છે, તે દુર્લભ નથી.

## બાળ વિભાગ

## મુનિ...રાજા...અને ૪૦ લૂંટારા



એક જંગલમાં ૪૦ લૂંટારાઓ રહેતા હતા. તેઓ ક્રૂરપરિણામી અને માંસાહારી હતા. જંગલમાં શિકારની શોધમાં તેઓ ફરતા હતા.

એવામાં એક ધર્માત્મા-સંત તે જંગલમાંથી પસાર થતા હતા, આત્માને જાણનારા ને વીતરાગભાવમાં મહાલનારા તે સંત, દુષ્ટ લૂટારાઓની નજરે પડ્યા એટલે તેમને મારી નાંખવા અને તેમનું માંસ ખાવા તે લૂટારાઓ તેમની પાછળ પડ્યા.

ધર્માત્મા સંત-મુનિ તો ઉપસર્ગ સમજીને શાંતિથી ધ્યાનમાં ઊભા રહ્યા. લૂંટારાઓ તેમને મારવાની તૈયારીમાં હતા....પણ....

એ જ વખતે ત્યાં એક રાજા આવી ચડ્યો, રાજા સજ્જન હતો ને બહાદૂર હતો. મુનિને અને લૂંટારાઓને દેખીને તે તરત પરિસ્થિતિ સમજી ગયો. દુષ્ટ લૂંટારાઓના પંજામાંથી મુનિની રક્ષા કરવા તેણે લૂંટારાઓને ઘણા સમજાવ્યા કે આ નિર્દોષ ધર્માત્માને હેરાન ન કરો. પણ માંસના લોભી દુષ્ટ લૂંટારાઓ કોઈ રીતે માન્યા નહિ, ને તેમણે તો મુનિને મારવાની તૈયારી કરી.

ત્યારે રાજાથી રહેવાયું નહિ, તેણે મુનિની રક્ષા કરવા લૂંટારાઓનો સામનો કર્યો, ચાલીસ લૂંટારાઓ પણ એક સાથે રાજા ઉપર તૂટી પડ્યા. પણ બહાદુર રાજાએ તે બધા લૂંટારાઓને મારીને મુનિની રક્ષા કરી. લૂંટારાઓ ન મુનિને મારી શક્યા, કે રાજાને મારી શક્યા. હવે આપણે અહીં બે વાત વિચારવાની છે :–

(૧) રાજા દ્વારા તો ચાલીસ લૂંટારા હણાયા.

(૨) લૂંટારાઓ વડે એક પણ માણસ મર્યો નહિ. તો હવે તે બેમાંથી વધારે હિંસક તમે કોને માનશો ? રાજાને વધુ હિંસક કહેશો ? લૂંટારાઓને ?

ચોક્કસપણે તમે લૂંટારાઓને જ વધુ હિંસક કહેશો, ને રાજાને હિંસક નહીં કહો, પણ તેના કાર્યની પ્રશંસા કરશો.

(૧) ૪૦ માણસો માર્યા ગયા છતાં તે રાજાને ઓછી હિંસા કેમ ગણી ?

(૨) અને કોઈ માણસ ન મરવા છતાં તે લૂંટારાઓને વધુ હિંસા કેમ ગણી ?

(૩) મુનિરાજ તો બંને પ્રત્યે તટસ્થ, રાગ-દ્વેષ વગરના છે, તેથી તેઓ વીતરાગી અહિંસક છે. વિચાર કરતાં ઉપરના પ્રશ્નોનો ખુલાસો નીચે મુજબ આવશે :–

‘‘વધુ જીવ મરે માટે વધુ હિંસા, ને ઓછા જીવ મરે ત્યાં ઓછી હિંસા’’ એવો નિયમ નથી જો એમ હોત તો રાજા જ વધારે હિંસક ઠરત. પણ એમ નથી. ત્યારે કેમ છે ?

વધુ કષાય ત્યાં વધુ હિંસા, ઓછો કષાય ત્યાં ઓછી હિંસા, ને અકષાયરૂપ વીતરાગભાવ ત્યાં અહિંસા–એમ સિદ્ધાંત છે.

લૂંટારાઓએ મુનિને મારવાના ભાવનો ઘણો કષાય કર્યો તેથી તેને વધુ હિંસા લાગી ને તેઓ નરકમાં ગયા.

રાજાએ ઓછો કષાય કર્યો માટે તેને ઓછી હિંસા લાગી. જો કે તેને મુનિને બચાવવાનો શુભભાવ હતો, તેથી તે સ્વર્ગમાં ગયો, પરંતુ તેણે જેટલો કષાય કર્યો તેટલી તો હિંસા જ થઈ, કેમકે કષાય પોતે જ હિંસા છે.

જેમણે રાગ-દ્વેષ ન કર્યો એવા મુનિરાજ પરમ–અહિંસક રહ્યા, ને મોક્ષ પામ્યા.

આ રીતે વીતરાગભાવ તે જ અહિંસા છે, ને તે મોક્ષનું કારણ છે.

(અહિંસા–ધર્મની એક વાર્તા પૂરી.)

---

**પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરંગમાં સમ્યગ્દર્શનની લહેરો ઉત્પન્ન થઈને મિથ્યાત્વ મોહનીય જનિત નિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કર્યો છે, જેમને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઈ છે, જેમને અરહંત કથિત આગમનો ઉપદેશ શ્રવણગોચર થયો છે, જેમના હૃદયરૂપ ભંડારમાં જૈન ઋષિોના વચનો પ્રવેશ કરી ગયા છે, જેમનો સંસાર નિકટ આવ્યો છે, તેઓ જ જિન–પ્રતિમાને જિનરાજ સમાન માને છે.**

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચૌદ ગુણસ્થાનાધિકાર, પદ-૩)

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

## સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

## પ્રશ્નપત્ર ક્રમાંક-૬ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૩૪ થી ૩૫ નિર્જરા ભાવના સુધી

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ ૧૦ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૨૦**

(૧) કાળદ્રવ્યમાં વ્યવહારકાળ અને નિશ્ચયકાળ કોને કહે છે ?

(૨) કાળદ્રવ્યની સમયાદિ પર્યાયમાં ઉપાદાનકારણ કાળદ્રવ્ય નથી પણ પુદ્ગલ છે ? આ વાત સત્ય છે ? સમજાવો.

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો. (ત્રણ લાઈન) ૧૫**

(૧) ભાવસંવર અને દ્રવ્યસંવર કોને કહે છે ?

(૨) ગાથા ૩૪નો સારાંશ સમજાવો.

(૩) તપના અંતરંગ તથા બહિરંગ ભેદ જણાવો.

(૪) અનુપ્રેક્ષા કોને કહે છે ? બારભાવનાઓના નામ જણાવો.

(૫) નિગોદિયા જીવનું જ્ઞાન પણ સર્વથા બિડાયેલું નથી શા માટે ?

(૬) ધર્મના દસ લક્ષણ કોના લક્ષણ છે ? દસ ધર્મોના નામ જણાવો.

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપો (પાંચથી છ લાઈન) ૨૪**

(૧) ભાવસંવર કઈ રીતે થાય છે તેનાથી દ્રવ્યસંવર કઈ રીતે થાય ?

(૨) સંવરના વિષયમાં નયવિભાગ વિસ્તારથી સમજાવો.

(૩) અશુદ્ધ નિશ્ચયમાં શુદ્ધોપયોગ કઈ રીતે હોય છે ?

(૪) કેવળજ્ઞાન શુદ્ધ છે તો તેનું કારણ પણ શુદ્ધ હોવું જોઈએ. મોક્ષનું કારણ એકદેશ શુદ્ધ મોક્ષમાર્ગ કઈ રીતે થાય ?

(૫) ક્ષયોપશમનું લક્ષણ સમજાવો.

(૬) સંયમનું પ્રતિપાદન કરતી શુદ્ધિઓના પ્રકાર વિસ્તારથી સમજાવો.

(૭) પરિપૂર્ણ બ્રહ્મચર્ય કેવું હોય ? ક્યારે હોય ? કોને હોય ?

**પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન) ૧૧**

(૧) ભાવસંવરના ભેદો નિશ્ચય-વ્યવહારથી સમજાવો.

(૨) અધ્રુવથી નિર્જરા સુધીની ભાવનાઓ વિસ્તારથી સમજાવો.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# સોળમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૩૦-૧૨-૨૦૧૬)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા પંદર વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૧૬ થી તા. ૩૦-૧૨-૧૬ સુધી સોળમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમ્યાન તીર્થયાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવશે.

આ શિબિર શ્રીમતી કસ્તુરીબેન પોપટલાલ શાહ હસ્તે બ્ર. નિર્મળાબેન, બ્ર. લતાબેન તથા શ્રીમતી પ્રીતિબેન નવીનભાઈ શાહ, બોરીવલીના સૌજન્યથી કરવામાં આવી છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ પી. વોરા શ્રી જિતુભાઈ વી શાહ

ના જય જિનેન્દ્ર

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### કહાનગુરુ જન્મધામ ઉમરાળામાં

## ગુરુ-સ્મૃતિ મંદિરનું ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ સાનંદ સંપન્ન

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના જન્મધામ ઉમરાળામાં પધારનાર સાધર્મીજન ગુરુદેવશ્રીના જીવનથી સંપૂર્ણ રીતે પરિચિત થઈ શકે તે હેતુ વિશાળ 'ગુરુ-સ્મૃતિ મંદિર'નું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન વાત્સલ્યપર્વ રક્ષાબંધનના શુભ અવસરે શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટના નેતૃત્વમાં કરવામાં આવ્યું. આ સ્મૃતિ ભવનનું ઉદ્‌ઘાટન શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના શુભ હસ્તે કરવામાં આવ્યું. તેમની સાથે શ્રી રાજેશભાઈ ઝવેરી, શ્રી નવીનભાઈ, શ્રી મધુભાઈ, શ્રી અક્ષયભાઈ દોશી, શ્રી હિતેનભાઈ શેઠ તથા સોનગઢના બ્રહ્મચારી બહેનોઓ અને આઠસો મુમુક્ષુઓની ઉપસ્થિતિ હતી. ઉદ્‌ઘાટન સમારોહની વિધિ બાલબ્રહ્મચારી શ્રી વજુભાઈ સાહેબ વઢવાણવાળાએ કરાવી હતી.

આ સ્મૃતિ મંદિરની વિશેષતા એ છે કે અહીંયા આત્મચિંતનકેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેની સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની દૈનિક ઉપયોગની વસ્તુઓનું સંગ્રહાલય, આરસ ઉપર કોતરવામાં આવેલ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપનાશક વચનામૃતો, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત ૬૬ જિનમંદિરોના ચિત્ર, ગુરુદેવશ્રીના યાદગાર પ્રસંગોના ચિત્રની સાથે આધુનિક ડીજીટલ ટેકનોલોજીમાં એનિમેશન દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન-પ્રસંગોની ઝાંખીઓ આદિ અહીની મુખ્ય વિશેષતાઓ છે.

## વૈરાગ્ય સમાચાર :

કોલકાતાનિવાસી સ્વ. તખતરાજજી મુથાના જ્યેષ્ઠ પુત્ર શ્રી સોહનરાજજી મુથા (ઉ.વ. ૬૭) તા. ૩-૮-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

ગઢડાનિવાસી (હાલ ઈંદોર) રમાબેન ભીખાલાલ કામદાર (ઉ.વ. ૮૯) તા. ૨૧-૯-૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

ગઢડાનિવાસી (હાલ સોનગઢ) સ્વ. શાંતિલાલ જેતશીભાઈ મોદીના ધર્મપત્ની લીલાવતીબેન (ઉ.વ. ૮૦) તા. ૬-૧૦-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ છેલ્લા ૨૩ વર્ષથી સોનગઢ રહેતા હતા.

## (૪૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા પૂરો.

(૧) એક જીવના મોઢામાં અમૃત છે છતાં તે દુઃખી છે તે કોણ ?..............

(૨) એક જીવ કદી ખાતા નથી છતાં સદાય સુખે જીવે છે તે કોણ ?..................

(૩) એક સમ્યગ્દષ્ટિ છે, પણ તે નથી સ્વર્ગમાં, નથી મનુષ્યમાં, નથી તિર્યંચમાં કે નથી નરકમાં, તો તે ક્યાં હશે ? ..................

(૪) જંગલમાં જેનો જન્મ, અંજના જેની માતા તે મોક્ષગામી મહાત્મા ? ...................

(૫) મહાવીરપ્રભુના સૌથી મોટા શિષ્ય જે–બ્રાહ્મણ હતાં ને મોક્ષ પામ્યા તે ................

(૬) જિનદીક્ષા લેનારા છેલ્લા મુકુટબંધી રાજા, જેણે ભદ્રબાહુસ્વામી પાસે દીક્ષા લીધી ? તે રાજા ..................

(૭) એક જીવ વીતરાગ છે, તેનું આયુષ્ય પુરું થયું છતાં તે મોક્ષ ન પામ્યો ? તે ................... જીવ.

(૮) એક મનુષ્ય એવા કે જે કદી ખાય નહીં, પીએ નહીં, છતાં લાખો વર્ષો સુધી જીવે તે ..................

(૯) એક મનુષ્ય પાસે રાતી પાઈ પણ નથી છતાં તે ગરીબ નથી તે....................

(૧૦) કુંદકુંદસ્વામી, જંબૂસ્વામી, અકલંકસ્વામી, મરુદેવી આમાંથી તે ભવે મોક્ષ પામ્યું તે કોણ ? .....................

નીચે આપેલ પ્રશ્નોના સામે સાચું (✓) અથવા ખોટું (✕) નિશાની કરો.

(૧) એક જીવ છઠ્ઠી નરકેથી નીકળીને મનુષ્ય થઈ પછી મુનિ થયો. (✓ / ✕)

(૨) એક જીવે તીર્થંકર પ્રકૃતિ બાંધી અને ચોથી નરકે ગયો. (✓ / ✕)

(૩) એક સમ્યગ્દષ્ટિ જીવ મરીને જ્યોતિષીદેવનો ઈન્દ્ર થયો. (✓ / ✕)

(૪) એક સમ્યગ્દષ્ટિ જીવ મરીને બીજી નરકે ગયો. (✓ / ✕)

(૫) સાતમી નરકેથી નીકળેલો જીવ મનુષ્ય થયો. (✓ / ✕)

(૬) પહેલી, બીજી, ત્રીજી નરકેથી નીકળેલ જીવ તીર્થંકર થઈ શકે. (✓ / ✕)

(૭) ભરતક્ષેત્રનો કોઈ જીવ સીમંધરપ્રભુ પાસે ગયો ને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યો.(✓ / ✕)

(૮) એક જીવ ત્રીજા ગુણસ્થાને મરીને દેવલોકમાં દેવ થયો. (✓ / ✕)

(૯) એક જીવ આત્માને ઓળખી મુનિ થયો. ક્ષપકશ્રેણી માંડી સ્વર્ગમાં ગયો.(✓ / ✕)
(૧૦) ચોથી નરકેથી નીકળેલ જીવ મનુષ્ય થઈ કેવળજ્ઞાન પામી મોક્ષ ગયો. (✓ / ✕)

---

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ઓક્ટોમ્બર-૨૦૧૬ના ઉત્તરો

(૧) ઉપગૂહન
(૨) પ્રશમ
(૩) અમૂઢદૃષ્ટિ
(૪) સંવેગ
(૫) અનુકંપા
(૬) નિઃકાંક્ષિત
(૭) સયોગી કેવળી
અયોગી કેવળી
(૮) પ્રભાવના
(૯) જ્ઞાની
(૧૦) મિથ્યાત્વનાં
(૧૧) સ્થિતિકરણ
(૧૨) ૪૦
(૧૩) નિઃશંકિત
(૧૪) આરંભત્યાગ
(૧૫) પ્રમત્ત–અપ્રમત્ત
(૧૬) ચાર
(૧૭) જાતિસ્મરણ
(૧૮) આસ્રવ
(૧૯) ૩૨
(૨૦) ઉપશાંત–મોહ

## (૪૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) સીમંધર ભગવાન હાલ વિદેહક્ષેત્રમાં તીર્થંકરપદે બિરાજે છે તેમને તીર્થંકર કહેવા એ ................ નિક્ષેપનો પ્રકાર છે. (ભાવ, દ્રવ્ય, સ્થાપના)

(૨) ગૌતમ ગણધર ભગવાન ............. સિદ્ધક્ષેત્રમાંથી મોક્ષ પધારેલ છે. (મંદારગિરિ, રાજગૃહી, ગુણાવા)

(૩) ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરવાવાળા સાધનને ................ કહે છે. (પ્રમાણ, નય, લક્ષણ)

(૪) સ્વયંભૂ સ્તોત્રમાં ................. ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. (આદિનાથ, ચોવીસ તીર્થંકર, ચંદ્રપ્રભુ)

(૫) વનસ્પતિકાયના ............ ભેદ છે. (૪, ૮, ૨)

(૬) ભોગઉપભોગ પરિમાણ વ્રત એ .................નો પ્રકાર છે. (ગુણવ્રત, શિક્ષાવ્રત, મહાવ્રત)

(૭) પાંચ મેરુમાં ................ અકૃત્રિમ જિનાલય છે. (૮૦, ૬૦, ૧૪૦)

(૮) ચૈતન્યગુણના સાથે સંબંધ રાખવાવાળા જીવના પરિણામને ............. કહે છે. (ઉપયોગ, ભાવ, ક્રિયા)

(૯) જીવને વધુમાં વધુ એક સાથે ................. શરીર હોય છે. (ત્રણ, ચાર, પાંચ)

(૧૦) ભગવાનની દિવ્યધ્વનિ એ ................. દ્રવ્યનો પર્યાય છે. (જીવ, પુદ્ગલ, આકાશ)

(૧૧) .................. એ સમાન આકારવાળા દ્રવ્યો નથી. (કાળ—પુદ્ગલ પરમાણુ, ધર્માસ્તિકાય—અધર્માસ્તિકાય, જીવ—પુદ્ગલ)

(૧૨) વિદેહક્ષેત્રસ્થ વિદ્યમાન વીસ તીર્થંકર પૈકી સત્તરમાં વીરસેનસ્વામીના સમવસરણનો વિસ્તાર .................. યોજન છે. (૧, ૮, ૧૨)

(૧૩) પોતે પોતાનો તથા પરને નિમિત્ત થાય તેવા ............. દ્રવ્યો છે. (જીવ—આકાશ, આકાશ—કાળ, ધર્માસ્તિકાય—અધર્માસ્તિકાય)

(૧૪) પશુનું લક્ષણ શિંગડું કહેવું એ ............... દોષ છે. (અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ)

(૧૫) દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયનો આકાર ............. છે. (જુદો, બેડોળ, સમાન)

(૧૬) ઈચ્છાને દૂર કરવાનો ઉપાય ............. છે.
(સંતોષ રાખવો, મિથ્યાત્વ દૂર કરવું, સમજણ કેળવવી)
(૧૭) ક્રોધ કર્મના ઉદય અનુસાર ક્રોધ ઉત્પન્ન થયો એ જીવનો ............. ભાવ છે.
(પારિણામિક, ઔદયિક, ક્ષયોપશમિક)
(૧૮) સમયસારની તાત્પર્યવૃત્તિ ટીકા ................ આચાર્યદેવે કરી છે.
(જયસેન, અમૃતચંદ્ર, યોગીન્દુદેવ)
(૧૯) વ્યુત્સર્ગ નામનું આવશ્યક ............. ને હોય છે.
(શ્રાવક, મુનિ, અવિરત સમ્યગ્દષ્ટિ)
(૨૦) ચાર ઈન્દ્રિય જીવને દસ પ્રાણમાંથી .......... પ્રાણ હોય છે. (આઠ, છ, નવ)

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન ઓક્ટોબર–૨૦૧૬ના ઉત્તર

(૧) પ્રમેયત્વ
(૨) સંજ્ઞા
(૩) ગણધર
(૪) દ્રવ્ય
(૫) સ્વાધ્યાય
(૬) ચાર
(૭) ચલ
(૮) લબ્ધપર્યાપ્તક
(૯) શાન્તિનાથ
(૧૦) કરણાનુયોગ
(૧૧) અઢાર
(૧૨) અવાન્તર
(૧૩) નિક્ષેપ
(૧૪) પરમાત્મા
(૧૫) વેદનીય
(૧૬) છઠ્ઠા
(૧૭) ધ્રૌવ્ય
(૧૮) સ્વભાવ અર્થ
(૧૯) વીર્યાચાર
(૨૦) જ્ઞાન

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● એક એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. એક એક ગુણ ઉપર દૃષ્ટિ મૂકતાં ગુણ શુદ્ધ પરિણમનતો નથી પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં અનંતગુણનું નિર્મળ પરિણમન થાય છે—એમ કહીને ગુણભેદ ઉપરની દૃષ્ટિ છોડીને અનંત ગુણમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમે છે એમ કહ્યું. ૧૮૩.

● પ્રશ્ન :—જ્ઞાન વિભાવરૂપ પરિણમે છે ?

ઉત્તર :—જ્ઞાનમાં વિભાવરૂપ પરિણમન નથી. જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવી છે પણ જે જ્ઞાન સ્વને પ્રકાશે નહિ ને એકલા પરને પ્રકાશે તે જ્ઞાનનો દોષ છે. ૧૮૪.

● પ્રશ્ન :—મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાન વિપરીત કહેવાય છે ?

ઉત્તર :—મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાનને વિપરીત કહેવું એ તો નિમિત્તથી કથન થયું. જ્ઞાન સ્વપ્રકાશક હોવા છતાં સ્વને પ્રકાશતું નથી તે જ્ઞાનનો પોતાનો દોષ છે. ૧૮૫.

● પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે કે શુભભાવથી ખસીને આત્મામાં જાય તે ઉદાસીનતા છે ?

ઉત્તર :—સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે અને તેમાંથી ખસીને આત્મામાં જાય તો તે વીતરાગતા છે જ પણ શુભભાવ વખતે પણ ઉદાસીન છે. ૧૮૬.

● સમ્યગ્દર્શન થયા પછી વિકારભાવ તે દુઃખરૂપ છે તેમ ખરો ખ્યાલ આવે ને ?

ઉત્તર :—સમ્યગ્દર્શન થયા પછી વિકારનું દુઃખ ખરેખર ભાસે છે, પણ તે પહેલા પણ પર તરફ વલણ જાય છે તેમાં આકુળતા થાય છે, એટલો તો જિજ્ઞાસુને ખ્યાલ આવે છે, તેથી તે વિકારથી ખસીને સ્વભાવ તરફ વળે છે. ૧૮૭.

● પ્રશ્ન :—સમ્યગ્દર્શનનું માહાત્મ્ય ઘણું ઘણું કરવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તર :—સમ્યગ્દર્શનમાં પૂર્ણ પરમાત્મા પ્રતીતિમાં આવી ગયા છે. એના મહાત્મ્યનું શું કહેવું ! પૂર્ણ પ્રભુ પ્રતીતિમાં આવી ગયા છે પછી બાકી શું રહ્યું ? ૧૮૯.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૬
અંક-૩ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-11-2016
Posted on 1-11-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org